# આત્મધર્મ

## વર્ષ ૨૪

## સળંગ અંક ૨૮૪

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૪

## જિજ્ઞાસુની એક જ ચિન્તા

પોતાના જ્ઞાનમાં પોતાની વસ્તુ ગુપ્ત કેમ રહી શકે? બીજા વિચાર છોડીને, સત્ય સ્વરૂપને વિચારમાં લઈને શિષ્ય પહેલાં તેનો નિર્ણય કરે છે, પછી તે નિર્ણયના બળે અનુભવ થાય છે. ચૈતન્યસ્વરૂપને પામવા માટે શિષ્ય તે તરફ ઢળતો જાય છે. રાગની અપેક્ષા વગર જ્ઞાનમાં સીધો આત્માને પકડવા માંગે છે, એટલે કે આત્માને સ્વસંવેદન–પ્રત્યક્ષ કરવા માંગે છે; તે માટે નિર્ણય કર્યો છે કે મારો સ્વભાવ જ સ્વસંવેદન–પ્રત્યક્ષ થવાનો છે, તેમાં વચ્ચે રાગનો પડદો રહી શકે નહીં. આત્માને પ્રત્યક્ષ કરવાની રાગમાં તાકાત નથી પણ જ્ઞાનમાં તેવી તાકાત છે; એટલે સ્વાનુભવ કરવા માટે રાગની ઓથ લેવી પડે એમ નથી. આટલા નિર્ણય સુધી આવ્યા પછી હવે સાક્ષાત્ અનુભવ માટે શિષ્યોનો ઉદ્યમ છે. તેનું સરસ વર્ણન આચાર્યદેવે સમયસારમાં કર્યું છે.


અજ્ઞાનીનો તો કાળ પરદ્રવ્યની જ ચિંતામાં ચાલ્યો જાય છે, સ્વદ્રવ્ય શું છે તેના વિચારનોય તેને અવકાશ નથી. અહીં તો જેણે સ્વદ્રવ્યની ચિન્તામાં પોતાનું ચિત્ત જોડયું છે–એવા જિજ્ઞાસુ શિષ્યની વાત છે. તેને બહારની બધી ચિન્તા છૂટીને અંતરમાં એક જ ચિન્તા છે કે મને મારા આત્માનો પ્રત્યક્ષ અનુભવ કઈ રીતે થાય?

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી*    સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૩ જેઠ    (લવાજમઃ ત્રણ રૂપિયા)    વર્ષ ૨૪ઃ અંક ૮

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## સં.૨૦૧૩ની "મંગલ તીર્થયાત્રા"
## સૂચવતો નકશો.



વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૩
જેઠ

* વર્ષ ૨૪ : અંક ૮ *

# આત્માર્થની તત્પરતા

**જગતના નાના-મોટા અનેકવિધ પ્રસંગોમાં જીવ ક્યારેક અટવાઈ જાય છે ને તેથી તે મુંઝાય છે.....અને તેના જ વિચારવમળમાંથી બહાર નીકળી શકતો નથી, એના પરિણામે તે આત્મપ્રયત્નમાં આગળ વધી શકતો નથી. આત્માર્થીએ એવા પ્રસંગમાં ન અટકતાં ઉદ્યમપૂર્વક પોતાના આત્મકાર્યને સાધવું-એવું સંતોનું સંબોધન છે. કેમકે ઉલ્લાસિત વીર્યવાન જીવ આત્માને સાધી શકે છે.**

**હે જીવ!**

જેને તારા આત્માર્થની સાથે સંબંધ નથી એવી નાની નાની બાબતમાં તું અટકીશ તો તારા મહાન આત્મપ્રયોજનને તું ક્યારે સાધી શકીશ? જગતમાં અનુકૂળ ને પ્રતિકૂળ પ્રસંગો તો બન્યા જ કરવાના, તીર્થંકરો અને ચક્રવર્તીઓને પણ એવા પ્રસંગો ક્યાં નથી આવ્યા? માન ને અપમાન, નિંદા ને પ્રશંસા, સુખ અને દુઃખ, સંયોગ અને વિયોગ, રોગ અને નિરોગ,–એવા અનેક પરિવર્તનશીલ પ્રસંગો તો જગતમાં બન્યા જ કરવાના–પણ તારા જેવો આત્માર્થી જો આવા નાના નાના પ્રસંગોમાં જ આત્માને રોકી દેશે તો આત્માર્થના મહાન કાર્યને તું ક્યારે સાધી શકશે?

–માટે, એવા પ્રસંગોથી અતિશય ઉપેક્ષિત થા.....તેમાં તારી જરા પણ શક્તિને ન વેડફ. તે પ્રસંગોને તારા આત્માર્થ સાથે કાંઈ જ સંબંધ નથી એમ નક્કી કરીને આત્માર્થની સિદ્ધિ જે રીતે થાય તે રીતે જ તું પ્રવર્ત! ને આત્માર્થની સિદ્ધિમાં બાધક થાય એવા પરિણામોને અત્યંતપણે છોડ, ઉગ્ર પ્રયત્ન વડે છોડ!

વિધવિધ પરિણામવાળા જીવો પણ જગતમાં વર્ત્યા જ કરશે....માટે તેનો પણ ખેદ–વિચાર છોડ....ને ઉપરોક્ત સંયોગોની માફક જ તેમની સાથે પણ આત્માર્થનો સંબંધ નથી એમ સમજીને તે પ્રત્યે ઉપેક્ષિત થા....ને આત્માર્થ–સાધનામાં જ ઉગ્રપણે પ્રવર્ત!

ગમે તેમ કરીને મારે મારા આત્માર્થને સાધવો–એ એક જ આ જગતમાં મારું કાર્ય છે–એમ અતિદ્રઢ નિશ્ચયવંત થા. મારા આત્માર્થ ખાતર જે કાંઈ સહન કરવું પડે તે સહન કરવા હું તૈયાર છું, પણ કોઈપણ પ્રકારથી હું મારા આત્માર્થના કાર્યથી ડગીશ નહિ; તેમાં જરા પણ શિથિલ નહીં થાઉં.... આત્મા પ્રત્યેના મારા ઉત્સાહમાં હું કદી ભંગ નહીં પડવા દઉં.–મારી બધી શક્તિને, મારા બધા જ્ઞાનને, મારા બધા વૈરાગ્યને, મારી શ્રદ્ધાને, ભક્તિને ઉત્સાહને,–મારા સર્વસ્વને હું મારા આત્માર્થમાં જોડીને જરૂર મારા આત્માર્થને સાધીશ.–આમ દ્રઢ પરિણામ વડે આત્માર્થને સાધવા માટે તત્પર થા!

આત્માર્થ સાધવા માટેની તારી આવી સાચી તત્પરતા હશે તો જગતમાં કોઈની તાકાત નથી કે તારા આત્મકાર્યમાં વિઘ્ન કરી શકે. જ્યાં આત્માર્થની સાચી તત્પરતા છે, ત્યાં આખું જગત તેને આત્માર્થની પ્રાપ્તિમાં અનુકૂળ પરિણમી જાય છે, ને તે જીવ જરૂર આત્માર્થને સાધી લ્યે છે.

**માટે હે જીવ! જગતમાં બીજું બધું ભૂલીને તું**
**તારા આત્માર્થ માટેની સાચી તત્પરતા કર.**

*****

## સં ત ની શિ ખા મ ણ–

આત્માના સારા ભાવોનું સારૂં ફળ જરૂર આવે જ છે. સાચા ભાવનું સાચું ફળ આવ્યા વગર રહેતું નથી. માટે બીજા પ્રસંગો ભૂલીને આત્માના ભાવને જે રીતે પ્રોત્સાહન મળે તેવા જ વિચારો કરવા. સાચા ભાવ થતાં તેનું સાચું ફળ જરૂર આવશે અને બહારમાં પણ બધું વાતાવરણ સારૂં થઈ જશે. આત્માને મુંઝવણમાં ન રાખવો પણ ઉત્સાહમાં રાખવો. પોતાના ભાવ સુધરતાં બધું સુધરી જાય છે. માટે આત્માને ઉલ્લાસમાં લાવીને પોતાના હિતના જ વિચાર રાખવા; તેમાં ઢીલા ન થવું.

શ્રી ગુરુ સમજાવે છે–

# અનુભવની રીત

(રાજકોટ શહેરના પ્રવચનોમાંથી દોહનઃ વૈશાખ ૨૦૨૩)

卐

આત્માનું હિત કરવા માટે જ્ઞાન અને રાગ બંનેના સ્વરૂપની ભિન્નતા ઓળખવી જોઈએ. બંનેની ભિન્નતાનો નિર્ણય કરીને, હું જ્ઞાન જ છું, જ્ઞાનથી ભિન્ન જાત તે હું નહિ–એમ અંતરમાં અભ્યાસ વડે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. ને આવા અનુભવ વડે જ મોક્ષમાર્ગ પ્રગટે છે.

આવા અનુભવ માટેનો વ્યવહાર કયો? કે સવિકલ્પ દશામાં જ્ઞાનદ્વારા આત્માના સ્વભાવનો નિર્ણય કરવો તે વ્યવહાર છે. જેને પોતામાં દુઃખ લાગતું હોય ને તે દુઃખથી છૂટવા ચાહતો હોય તે જીવ ગુરુ પાસે આવીને ઉપાય પૂછે છે કે પ્રભો! આ આત્મા દુઃખોથી કેમ છૂટે? બંધનથી બંધાયેલ ગાય વગેરે પશુ પણ તેનાથી છૂટકારાના પ્રસંગે આનંદથી ઉલ્લસિત થાય છે; તો અનાદિ કાળથી બંધનથી બંધાયેલા આત્માને સન્તો તેનાથી છૂટકારાની રીત સંભળાવે છે તે સાંભળતાં મોક્ષાર્થી જીવને ઉલ્લાસ આવે છે કે વાહ! આ મારા આત્માના મોક્ષની વાત સન્તો મને બતાવે છે.–આમ ઘણા આદરપૂર્વક મોક્ષનો ઉપાય સાંભળે છે.

આત્માને કેમ જાણવો તેની આ વાત છે. સ્વસન્મુખ થઈને આત્માને જાણતાં સમ્યગ્દર્શન થાય છે ને તેમાં સિદ્ધ જેવા સુખનો સ્વાદ આવે છે. સમ્યગ્દર્શન પામવાની તૈયારીવાળા જીવની પરિણતિનું વર્ણન કરતાં ગુરુદેવ કહે છે કે સ્વભાવનો નિર્ણય કરીને તેના લક્ષે અનુભવનો ઉદ્યમ કરી રહેલા જીવને વિકલ્પ તો છે પણ તેનું જોર વિકલ્પ તરફ નથી જાતું; તેનું જોર તો અંતર્સ્વભાવ તરફ જ જાય છે, જેવો સ્વભાવ જ્ઞાનના નિર્ણયમાં લીધો છે તેવો જ અનુભવમાં લેવા માંગે છે, એટલે તેની પરિણતિ સ્વભાવ તરફ ઝુકતી જાય છે ને વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થાય છે. પહેલાં

રાગરૂપ વિકલ્પ હતો તેનું કાંઈ આ ફળ નથી, પણ અંદર સ્વભાવ તરફ નિર્ણયનું જોર હતું તેનું આ ફળ છે. જોકે તેનું આ ફળ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો સમ્યગ્દર્શન વખતનો જ જુદો પ્રયત્ન છે. આત્માના નિર્ણયના બળે વારંવાર અભ્યાસ કરતાં રાગ તરફનું રુચિનું જોર તૂટવા માંડે છે ને સ્વભાવ તરફનું જોર વધવા માંડે છે. અંતે રાગના અવલંબનનો ભાવ તોડીને અને સ્વભાવના અવલંબનનો ભાવ પ્રગટ કરીને તે આત્માર્થી જીવ નિર્વિકલ્પ અનુભવ પ્રગટ કરે છે.–આવી દશા પ્રગટ કરવા માટે અહીં જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે.

પોતાના આત્માના અનુભવ માટે પાત્ર થયેલા શિષ્યે પૂછયું છે કે આ આત્મા આસ્રવોથી એટલે કે દુઃખથી કેમ છૂટી શકે ?

હવે આ પૂછવામાં શિષ્યને કેટલી વાતનો સ્વીકાર આવી ગયો ? પ્રથમ તો આત્મા છે; આત્માની અવસ્થામાં દુઃખ છે, તે દુઃખ ટળીને સુખ પ્રગટી શકે છે. એવું પૂર્ણ સુખ પ્રગટ કરનારા સર્વજ્ઞ પરમાત્મા આ જગતમાં છે, એના સાધક સન્તો આ જગતમાં છે. એટલે, મોક્ષતત્ત્વ, સંવર–નિર્જરાતત્ત્વ, તથા તેનાથી વિરુદ્ધ એવા આસ્રવ ને બંધતત્ત્વ, એ બધાં તત્ત્વોની કબુલાતપૂર્વક શિષ્યનો પ્રશ્ન છે.

આત્મા સુખસ્વરૂપ છે, ને દુઃખ તેનું સ્વરૂપ નથી, એટલે દુઃખથી છૂટવાનો ઉપાય બની શકે છે. રાગાદિ પરભાવોને જે આત્માનું સ્વરૂપ માને, અથવા શુભરાગને સુખનું સાધન માને તેને તે રાગાદિથી છૂટવા માટેનો સાચો પ્રશ્ન ઊગે નહીં. રાગને જે દુઃખરૂપ ન સ્વીકારે તે તેનાથી પાછો વળવાનો ઉપાય કેમ કરે ?

આ રીતે, રાગાદિને દુઃખરૂપ જાણ્યા છે ને આત્માનો સ્વભાવ સુખરૂપ છે તેની જિજ્ઞાસા જાગી છે–એવા શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા દુઃખરૂપ એવા આસ્રવોથી કઈ રીતે છૂટે ? એવા શિષ્યને દુઃખથી છૂટવાની વિધિ આચાર્યભગવાને આ ૭૩મી ગાથામાં બતાવી છે.

ભાઈ ! પ્રથમ તો આત્માના સ્વભાવનો નિર્ણય કર. હું જ્ઞાનદર્શનસ્વરૂપ આત્મા સ્વસંવેદન–પ્રત્યક્ષ છું; ક્રોધાદિ પરભાવોનું સ્વામીત્વ મારા જ્ઞાનમાં નથી.–આમ નિર્ણય કરીને, અંતરમાં ડુબકી મારતાં વિકલ્પરહિત આનંદની અનુભૂતિ થાય છે, તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સમાય છે. આવી અનુભૂતિ કરવી તે જ દુઃખથી છૂટવાની રીત છે.

આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ ન થઈ શકે–એમ કોઈ માને તો તે વાત સાચી નથી. જ્ઞાનમાં એવી તાકાત છે કે સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કરે. આત્માને પ્રત્યક્ષ કરવાની રાગમાં તાકાત નથી પણ જ્ઞાનમાં તેવી તાકાત છે. પોતાના જ્ઞાનમાં પોતાની વસ્તુ ગુપ્ત કેમ રહી શકે? બીજા વિચાર છોડીને સત્યસ્વરૂપને વિચારમાં લઈને શિષ્ય પહેલાં તેનો નિર્ણય કરે છે. પછી તે નિર્ણયના બળે અનુભવ થાય છે. ચૈતન્યસ્વરૂપને પામવા માટે શિષ્ય તે તરફ ઢળતો જાય છે. રાગની અપેક્ષા વગર જ્ઞાનમાં સીધો આત્માને પકડવા માંગે છે, એટલે કે આત્માને સ્વસંવેદન–પ્રત્યક્ષ કરવા માંગે છે, તે માટે નિર્ણય કર્યો છે કે મારો સ્વભાવ જ સ્વસંવેદન–પ્રત્યક્ષ થવાનો છે, તેમાં વચ્ચે રાગનો પડદો રહી શકે નહિ. અથવા, સ્વાનુભવ કરવા માટે રાગની ઓથ લેવી પડે એમ પણ નથી.–આટલા નિર્ણય સુધી આવ્યા પછી હવે સાક્ષાત્ અનુભવ માટે શિષ્યનો ઉદ્યમ છે.–તેનું ઘણું સરસ વર્ણન આચાર્યદેવે કર્યું છે.

અજ્ઞાનીનો તો કાળ પરદ્રવ્યની જ ચિન્તામાં ચાલ્યો જાય છે, સ્વદ્રવ્ય શું છે તેના વિચારનોય તેને અવકાશ નથી. અહીં તો જેણે પોતાનું ચિત્ત સ્વદ્રવ્યની ચિન્તામાં જોડયું છે, એવા જિજ્ઞાસુ શિષ્યની વાત છે. તેને બહારની બધી ચિન્તા છૂટીને અંતરમાં એક જ ચિન્તા છે કે મને મારા આત્માનો પ્રત્યક્ષ અનુભવ કઈ રીતે થાય! અનુભવ માટે તેનો નિર્ણય કેવો છે તેનું આ વર્ણન છે. પહેલાં જ્ઞાનવડે આત્માના સ્વભાવનો નિર્ણય કરવો. નિર્ણયમાં જ જેને ભૂલ હોય તેને સાચો અનુભવ થાય નહીં. રાગને સાધન બનાવીને આત્માનો અનુભવ કરવા માંગે તો થઈ શકે નહીં. આત્માના પ્રત્યક્ષ અનુભવમાં વચ્ચે બીજું સાધન છે જ નહીં. આત્માના સ્વભાવને વિકાર સાથે કારણ–કાર્યપણું નથી. આવા આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવો, અને તે પહેલાં તેનો નિર્ણય કરવો–તે કરવા જેવું છે. રાગ વખતે કાંઈ રાગ તે નિર્ણય કરતો નથી, પણ તે વખતનું જ્ઞાન પોતાની જાણવાની શક્તિથી તે નિર્ણય કરે છે, એટલે તે નિર્ણય રાગનું કાર્ય નથી પણ જ્ઞાનનું જ કાર્ય છે. આવો નિર્ણય કરવો તે પ્રત્યક્ષ અનુભવ માટેનો ઉપાય છે.

સ્વાનુભવ તે મંગલ છે. સ્વાનુભવમાં આત્મા પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે છે; સ્વાનુભવમાં આત્મા સિવાય બીજા કોઈનો હાથ નથી. આવા સ્વસંવેદનની તાકાતવાળો જીવ છે. આત્માના સ્વરૂપનો નિર્ણય કરીને તેનું આવું સ્વસંવેદન કરવું–તે બંધનથી છૂટવાનો ઉપાય છે. આવા સ્વસંવેદન વડે જ મોક્ષમાર્ગ થાય છે.

જેમ દીવાને દેખવા માટે બીજા દીવાની જરૂર પડતી નથી, દીવો પોતે જ પોતાને પ્રકાશી રહ્યો છે કે હું દીવો છું; તેમ આ આત્મા ચૈતન્યપ્રકાશી દીવો પોતે જ પોતાને સ્વસંવેદનમાં પ્રકાશી રહ્યો છે, જ્ઞાન પોતે જ પોતાને પ્રકાશી રહ્યો છે કે હું જ્ઞાન છું.–આ રીતે આત્મા સ્વયં પ્રકાશી રહ્યો છે, એને પ્રકાશવા માટે બીજાની જરૂર પડતી નથી. ઉપયોગમાં મારો આત્મા છે ને રાગમાં મારો આત્મા નથી–એમ ધર્મી સ્પષ્ટપણે પોતાને રાગથી ભિન્ન અનુભવે છે. રાગથી ને ઇન્દ્રિયોથી પાર એવા અન્તર્મુખ ઉપયોગવડે આત્મા પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે, ને એ અનુભવમાં પરમ આનંદ થાય છે.

રાગમાં એવી તાકાત નથી કે આત્માને જાણે; જ્ઞાનમાં જ એની તાકાત છે કે આત્માને જાણે. આ રીતે રાગ અને જ્ઞાનની ભિન્નતાનો નિર્ણય કરીને જ્ઞાનવડે આત્માનું સ્વસંવેદન કરતાં ભેદજ્ઞાન થાય છે; ભેદજ્ઞાન થતાં જ આત્મા પોતાને રાગાદિ બંધભાવોથી જુદો અનુભવે છે.–આવા અનુભવ વડે બંધનથી છૂટાય છે ને મોક્ષ પમાય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને પણ આવો અનુભવ થાય છે. અહા, આ સ્વસંવેદનનો અપાર મહિમા છે, બધા ગુણોનો રસ સ્વસંવેદનમાં સમાય છે. આવા શાંત અનુભવરસને ‘રસેન્દ્ર’ કહ્યો છે એટલે કે બધા રસોમાં શાંતરસ તે શ્રેષ્ઠ છે. આવા રસનો અનુભવ કેમ પ્રગટે તેની આ વાત છે.

શિષ્યે પૂછયું છે કે મારો આત્મા આસ્રવોથી કઈ રીતે છૂટે ?

આ પ્રશ્ન પૂછવા આવ્યો ત્યારે અશુભથી તો છૂટેલો જ છે, અશુભથી નિવર્ત્યો ત્યારે તો આ સત્સમાગમે આવીને પ્રશ્ન પૂછે છે.

તેનો પ્રશ્ન એમ સૂચવે છે કે એકલા અશુભથી છૂટીને તે અટકી જતો નથી, પણ અશુભ ને શુભ એવા બધા આસ્રવોથી છૂટીને આનંદસ્વરૂપ આત્માનો અનુભવ કરવા માંગે છે. પ્રભો, મારો આત્મા પાપથી કેમ છૂટે ? એમ ન પૂછયું, પણ આસ્રવોથી એટલે કે પાપ અને પુણ્ય બંનેથી મારો આત્મા કેમ છૂટે ને જ્ઞાનસ્વરૂપ આત્મા કઈ રીતે અનુભવમાં આવે ? એમ પૂછયું છે. આટલી તો પ્રશ્નકાર જિજ્ઞાસુની ભૂમિકા છે; આટલી વિચારદશા સુધી તો તે આવ્યો છે.

એવા જિજ્ઞાસુ શિષ્યને આચાર્યભગવાન પ્રથમ તો આત્માના સ્વરૂપનો નિર્ણય કરવાનું કહે છે. કેવો નિર્ણય કરવો તેનું આ વર્ણન ચાલે છે.

આત્માના અનુભવની આ વાત ઝીણી છે. ઝીણી એટલે સારી, ઊંચી, હિતકારી; ઝીણી લાગે તોપણ આ મારા હિતની ઉત્તમ વાત છે–એમ મહિમા લાવીને સમજવાનો ઉદ્યમ કરવો જોઈએ.

કેવો છે મારો આત્મા ?–કે જેના અનુભવથી મને સમ્યગ્દર્શન અને આનંદ થાય ! ને આસ્રવો ટળે ? પ્રથમ તો હું આત્મા મારા સ્વસંવેદનથી પ્રત્યક્ષ છું. અખંડ વિજ્ઞાનઘનસ્વભાવી હું એક છું; અનેક ગુણ–પર્યાયના ભેદોથી કે પ્રદેશભેદોથી હું ભેદાઈ જતો નથી, પણ અનંત ગુણ–પર્યાયોથી અભેદ એક વિજ્ઞાનઘન છું. વળી આત્માની નિર્મળ અનુભૂતિસ્વરૂપ હોવાથી હું શુદ્ધ છું; તે શુદ્ધતામાં કર્તા–કર્મ વગેરે કારકોના ભેદો નથી. છએ કારકો અભેદપણે પોતાની અનુભૂતિમાં સમાઈ જાય છે. આવી નિર્મળ અનુભૂતિસ્વરૂપ હોવાથી હું શુદ્ધ છું. એક શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એવો હું, મારાથી અન્ય એવા ક્રોધાદિ પરભાવોના સ્વામીપણે જરાપણ પરિણમતો નથી, માટે મમતારહિત છું. રાગાદિ કોઈ અન્યભાવ મારા ધર્મનું સાધન થાય–એવી મમતા મને નથી. રાગાદિ ભાવોની સાથે મારે કર્તા–કર્મપણાનો સંબંધ જરાપણ નથી. હું તો ચૈતન્યઘન છું, ચૈતન્યઘન એવો મારો આત્મા રાગના સ્વામીપણે પરિણમતો નથી. પણ તેનાથી ભિન્ન જ્ઞાનપણે જ પરિણમે છે; સ્વભાવથી જ હું પરિપૂર્ણ જ્ઞાન–દર્શનમય છું.–જુઓ, ધર્મી જીવ આત્માનો આવો નિર્ણય કરે છે. અને આવા આત્માના અનુભવ વડે જ આત્મા આસ્રવોથી છૂટે છે.

આવા આત્માની ઓળખાણ અને અનુભવ વડે જ્યારે આત્મા આસ્રવોથી પાછો વળ્યો ત્યારે તેણે સંસાર છોડયો કહેવાય. જ્ઞાનના અનુભવ વડે આસ્રવને છોડયા વગર સંસાર છૂટે નહીં. સંસાર એ કોઈ બહારની વસ્તુ નથી પણ જીવમાં અજ્ઞાનવડે ઊભો થયેલો આસ્રવભાવ તે જ સંસાર છે. અને જ્ઞાનવડે તે આસ્રવ છૂટતાં સંસાર છૂટી જાય છે.

## જૈન શિક્ષણવર્ગ ( પ્રૌઢ ભાઈઓ માટે )

સોનગઢમાં દર વર્ષની માફક પ્રૌઢવયના ભાઈઓ માટેનો જૈન શિક્ષણવર્ગ શ્રાવણ સુદ પાંચમ ને ગુરુવાર તા. ૧૦–૮–૬૭ થી શરૂ થશે, અને શ્રાવણ વદ નોમ ને મંગળવાર તા. ૨૯–૮–૬૭ સુધી ચાલશે. વર્ગમાં આવવા ઈચ્છતા જિજ્ઞાસુ ભાઈઓએ નીચેના સરનામે સૂચના મોકલી દેવી–

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# અપાર સુખથી ભરેલો આત્મવૈભવ

( “આત્મવૈભવ” પુસ્તકનું એક પ્રકરણ )

( ગતાંકથી ચાલુ )

પૂ. ગુરુદેવને અત્યંત પ્રિય એવા ૪૭ શક્તિનાં પ્રવચનોમાંથી સુખશક્તિનો આ નમુનો છે. શરૂનો ભાગ આત્મધર્મના ગતાંકમાં આપ્યો છે; ત્યારપછીનો ભાગ અહીં આપ્યો છે. આ પ્રવચનો ‘આત્મવૈભવ’ નામના પુસ્તકરૂપે છપાઈ રહ્યા છે.

દરેક શક્તિ પોતે કારણ, ને તેની જે નિર્મળ પર્યાય પ્રગટી તે તેનું કાર્ય; બીજું કારણ નહિ, બીજું કાર્ય નહિ; ને કારણ–કાર્ય વચ્ચે સમયભેદ નહિ. ‘કારણને અનુસરીને થાય તેને કાર્ય કહેવાય’;–એટલે, જેમકે સુખશક્તિ કારણરૂપ છે તેને અનુસરીને પર્યાયમાં તેવું સુખ પ્રગટે તે સુખશક્તિનું ખરું કાર્ય છે. જો આનંદ ન પ્રગટે ને પરાધીન થઈને આકુળતા પ્રગટે તો તેને આત્માના આનંદગુણનું કાર્ય કહેવાય નહિ. જેવો ગુણ છે તેવી જાતની પર્યાય પ્રગટયા વગર ગુણના ખરા સ્વરૂપની પ્રસિદ્ધિ થાય નહિ.

ગુણનું સાચું કાર્ય તેની સદ્દશ જાતિનું હોય, વિરુદ્ધ ન હોય. જેમ સોનામાંથી જે દાગીનો બને તે સોનાનો હોય, લોઢાનો ન હોય; તેમ સુખગુણનું કાર્ય સુખ હોય, સુખનું કાર્ય દુઃખ ન હોય. સુખગુણ જેવો ત્રિકાળ છે તેવું સુખ પર્યાયમાં પ્રગટે ત્યારે સુખસ્વભાવી આત્મા પ્રતીતમાં આવ્યો કહેવાય; ને ત્યારે ‘આત્મપ્રસિદ્ધિ’ થઈ કહેવાય.

અહો, વીતરાગમાર્ગમાં આ બહુ ઊંચી વસ્તુ છે...આત્માનો અચિન્ત્ય વૈભવ વીતરાગી સન્તોએ દેખાડયો છે. આત્મા અનંતગુણનું ધામ છે તેને અનુભવમાં પકડીને તેના જેવું સમ્યક્ કાર્ય પ્રગટે ત્યારે આત્માની સાચી શ્રદ્ધા ને ભેદજ્ઞાન થયું કહેવાય; ત્યારે આકુળતા વગરનું સાચું સુખ વેદાય, ને પરમાં સુખની મિથ્યાકલ્પના મટે.

પહેલા સૌધર્મસ્વર્ગના ઇન્દ્રને ૩૨ લાખ વિમાનોનો વૈભવ છે, બે સાગરોપમનું આયુષ્ય છે; ઇન્દ્રાણીનું આયુષ્ય થોડું છે, એટલે તે નવી નવી ઊપજે છે. ઇન્દ્રના બે સાગરના આયુમાં તો કોટિ–લક્ષ ઇન્દ્રાણી થઈ જાય. પણ એ ૩૨ લાખ વિમાનોમાં કે એ ઇન્દ્રાણીઓમાં ક્યાંય આત્માના સુખનો અંશ પણ નથી, આત્મા પોતાની સુખપરિણતિનો ખરો સ્વામી છે. અનંત ગુણપરિણતિનો સ્વામી આત્મા, તેમાં દ્રષ્ટિ કરતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થાય, તે આનંદપરિણતિ સહિત આત્મા શોભે છે. પરિણતિની સ્થિતિ એકસમયની, પરિણતિરૂપ ઇન્દ્રાણી સમયે સમયે નવી નવી ઊપજે, ને આત્મારૂપી ઇન્દ્ર કાયમ ટકીને અતીન્દ્રિય આનંદપરિણતિનો ભોગવટો કરે. એક પરિણતિ જાય ને તત્ક્ષણ બીજી પરિણતિ થાય–એમ સદાકાળ આત્મા પોતાની સુખપરિણતિને અનુભવ્યા કરે છે. સ્વસન્મુખ પરિણતિ આનંદપુત્રને જન્મ આપે છે.

જુઓ, આ કેવળીપ્રણીત ધર્મનું સ્વરૂપ કહેવાય છે. આવ ધર્મને ઓળખીને તેનું જે શરણ લેશે તે ભગસાગરને તરશે. ઓળખ્યા વગર કોનું શરણ લેશે? ભગવાને એમ કહ્યું છે કે તારા આત્મામાં એક સુખધર્મ છે, તેના શરણે તારું સુખ પ્રગટશે, બીજા કોઈના શરણે તારું સુખ નહિ પ્રગટે.

આત્મવસ્તુમાં ભિન્ન ભિન્ન લક્ષણવાળા અનંતધર્મો એકસાથે રહેલાં છે. નિત્યપણું ને અનિત્યપણું, સત્પણું ને અસત્પણું–એવા વિરુદ્ધધર્મો આત્મામાં એકસાથે રહેલા છે, એવી આત્માના સ્વભાવની અદ્ભુતતા છે. આવા આત્માના અનુભવનો રસ તે જ પરમાર્થે અદભુત રસ છે. આવો અનુભવ વિકલ્પ વડે ન થાય. વિકલ્પવડે જણાય એવો આત્માનો સ્વભાવ નથી; વિકલ્પથી પર એવા સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય છે, ને એ રીતે જાણતાં પરમ સુખ પ્રગટે છે. વિકલ્પ વગર ત્રણકાળ ત્રણલોકને જાણી લ્યે એવી તાકાત આત્મામાં છે, ને એવા આત્માની અનુભૂતિ પણ વિકલ્પ વગરની છે. આત્મા પોતાના અનંત ગુણરૂપી સ્વ–ઘરમાં સ્થિત રહીને નિર્મળપરિણતિના આનંદને ભોગવે છે. બ્રહ્મસ્વરૂપ આત્માના આનંદને ભોગવતો, ધર્મી સ્વગુણની રક્ષા કરે છે, ઉપયોગના વેપારને અંતરમાં જોડે છે ને સ્વભાવનું સેવન કરીને અનંતગુણનો વૈભવ પ્રાપ્ત કરે છે એટલે કે પર્યાયમાં પ્રગટપણે અનુભવે છે.

જુઓ ભાઈ, આ તો અંતરમાં બિરાજમાન ચૈતન્યરાજાના વૈભવની વાત છે. દુનિયામાં રાજા કેવો ને તેનો વૈભવ કેવો, ક્યાં લડાઈ થઈ ને કોણ જીત્યું એ બહારનું જાણવાનો જીવને કેવો રસ છે? પણ અરે ચેતનરાજ! તારો પોતાનો વૈભવ કેવો અપાર છે તે તો જાણ! તેની વાત તો ઉત્સાહથી સાંભળ! જગતમાં સૌથી મોટો મહિમાવંત ચેતનરાજા તું છો, તારા અચિંત્ય ચૈતન્યવૈભવની પાસે ચક્રવર્તીના રાજનીયે કાંઈ કિંમત નથી. અનંત ગુણનો અચિંત્યવૈભવ તારા અસંખ્યપ્રદેશી સ્વરાજમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરપૂર ભર્યો છે. અનંતગુણને રહેવા માટે ક્ષેત્ર પણ અનંત હોવું જોઈએ–એવું કાંઈ નથી. જેમ અનંતાનંતપ્રદેશી આકાશમાં તેના અનંતા ગુણો રહેલા છે તેમ એકપ્રદેશી પરમાણુમાં પણ તેના અનંતગુણો રહેલા છે. અનંતપ્રદેશી આકાશ કે એકપ્રદેશી પરમાણુ–બંનેનું અસ્તિત્વ પોતપોતાના અનંતગુણથી પરિપૂર્ણ છે. આકાશનું ક્ષેત્ર મોટું માટે તેનું સામર્થ્ય મોટું ને પરમાણુનું ક્ષેત્ર નાનું માટે તેનું સામર્થ્ય ઓછું–એમ ક્ષેત્ર ઉપરથી શક્તિનું માપ નથી. નાનામાં નાનો પરમાણુ ને મોટામાં મોટું આકાશ–એ બંનેનું અસ્તિત્વ પોતપોતાના સ્વભાવમાં પરિપૂર્ણ છે. તેમ આત્મા અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં અનંતાગુણ–સ્વભાવોથી પરિપૂર્ણ છે.

જુઓ તો ખરા, વસ્તુનો અચિંત્યસ્વભાવ! અચિંત્ય વસ્તુસ્વભાવમાંથી સુખનાં ઝરણાં ઝરે છે. આત્મા અસંખ્યપ્રદેશી (આખા લોકના જેટલા પ્રદેશો છે તેટલા પ્રદેશોવાળો), તેનો દરેક ગુણ પણ તેવડો જ અસંખ્યપ્રદેશી, ને તેની પરિણતિમાં આનંદ વગેરેનો જે અંશ ખીલ્યો તે પણ તેવડો જ અસંખ્યપ્રદેશી છે. દ્રવ્ય–ગુણ–ત્રિકાળ ને પરિણતિ એક સમયની છતાં ક્ષેત્ર બંનેનું સરખું છે. એક જ ક્ષેત્રમાં અનંત ગુણો એકસાથે, છતાં એક ગુણ તે બીજો ગુણ નહિ; ક્ષેત્રથી ભિન્ન નહિ પણ ભાવથી ભિન્ન છે. આવા ભિન્ન ભિન્ન અનંત ગુણોનું બેહદસામર્થ્ય આત્મામાં ભરેલું છે. આવા આત્મવૈભવને જાણે (એટલે કે ભૂતાર્થ સ્વભાવને જાણે) તો જૈનદર્શન જાણ્યું કહેવાય. આત્માના શુદ્ધસ્વભાવને અનુભવમાં લેવો તે જ સર્વ જૈનસિદ્ધાંતનો સાર છે.

સુખ આત્માના સ્વભાવમાં સદાય ભર્યું છે; આવા ચૈતન્યસ્વભાવને જાણતાં અનાકુળતા પ્રગટે છે, તે સુખશક્તિનું કાર્ય છે. પર્યાયે અંદરમાં જઈને,

સુખસમુદ્રમાં ડુબકી મારીને ચૈતન્યભગવાનનો ભેટો કર્યો, ત્યાં આનંદ પ્રગટયો. અનાદિથી અજ્ઞાનભાવે રાગને ભેટતી તે પર્યાયમાં દુઃખ હતું. હવે આનંદસ્વભાવને ભેટતાં જે સુખપરિણતિ પ્રગટી તેમાં આકુળતાનો અભાવ છે; અનંતગુણના રસનું વેદન આનંદમાં સમાયેલું છે. આ રીતે શુદ્ધતાનો સદ્ભાવ ને અશુદ્ધતારૂપ વ્યવહારનો અભાવ–આવો અનેકાન્તસ્વરૂપ આત્મા છે. આવા આત્માનું ભાન થાય ત્યાં મુક્તિ થયે છૂટકો. જેમ બીજ ઊગી તે વધીને પૂર્ણિમા થયે છૂટકો, તેમ સમ્યગ્દર્શન થતાં ભેદજ્ઞાનરૂપી બીજ ઊગી તે વધીને કેવળજ્ઞાન થયે જ છૂટકો. અહો, ચૈતન્યગુણના ભંડારને એકવાર સ્પર્શે, નજરમાં લ્યે, ધ્યેયરૂપ કરે, તેનો ભેટો કરે, લક્ષમાં લ્યે, રુચિ–પ્રતીત ને જ્ઞાન કરે, ત્યાં અપૂર્વ આનંદનો અંશ પ્રગટે ને તે વધીને પૂર્ણ આનંદરૂપ મોક્ષદશા થાય. એકવાર રાગથી ભિન્ન થઈને જ્ઞાનનો સમ્યક્ અંશ પ્રગટયો ત્યાં રાગનો સર્વથા અભાવ કરીને અલ્પકાળમાં કેવળજ્ઞાન લીધે છૂટકો. આત્માને ઓળખે તેને મોક્ષ થયે છૂટકો.

અહીં કહે છે કે, થોડો આનંદ વધીને પૂરો આનંદ થાય, તેમાં બીજાની બિલકુલ મદદ નથી, આનંદગુણ પોતે જ તેનું સાધન છે. આનંદના અનુભવરૂપ ક્રિયાના છએ કારકો પોતામાં જ છે. વાહ, જુઓ તો ખરા! આત્મામાં આવા સ્વભાવો ભર્યા છે. આ સ્વભાવ આનંદના દાતાર છે; એને જાણતાં આનંદ થાય છે. આત્માનો આવો સ્વભાવ ખ્યાલમાં ને અનુભવમાં આવી શકે તેવો છે; સન્તોએ તે પ્રગટ અનુભવમાં લઈને આ વાત પ્રસિદ્ધ કરી છે. પોતે જે વૈભવ અનુભવ્યો તે જગતને દેખાડયો છે, ને પરાશ્રયની દીનતા ટાળી છે. ભાઈ, પરની સહાય વગર તારો આનંદ પ્રગટે છે ને પરની સહાય વગર જ તે વધીને પૂરો થાય છે; તેમાં શરીરની, રાગની કે બીજા કોઈની મદદ નથી. કેવળજ્ઞાન ને પૂર્ણ આનંદ પ્રગટે એવા સામર્થ્યનો પિંડ તું પોતે છો. અંતર્મુખ થઈને પોતે પોતાના આવા સ્વભાવને પ્રત્યક્ષ કરી શકે છે. ને આવા સ્વસંવેદનવડે આત્માનો અચિંત્ય વૈભવ ખુલે છે.

અરે, તારા ભંડારમાં આનંદ ભર્યો છે ને તને તે ખોલતાં નથી આવડતું! અંતરમાં દ્રષ્ટિ કરીને તારા આત્માના અચિંત્ય વૈભવને ખોલ; શક્તિમાં ભર્યું છે તેને વ્યક્ત કર. એ માટે તારે બહાર ક્યાંય જોવું પડે તેમ નથી, બીજા

કોઈની મદદ લેવી પડે તેમ નથી. આનંદના ભંડાર ભર્યા છે તે કેમ ખૂલે–એ વાત કુંદકુંદાચાર્યદેવ વગેરે સન્તોએ પ્રસિદ્ધ કરી છે. જેમ કોઠારમાં ભરેલું અનાજ કાણું પાડીને બહાર કાઢે છે, અંદર ભર્યું છે તે જ બહાર આવે છે, તેમ આ અખંડ ચૈતન્યકોઠી અનંત ગુણના ભંડારથી ભરેલી છે, તેના શ્રદ્ધાજ્ઞાન વડે તે પર્યાયમાં પ્રગટ થાય છે...ને પછી તે વધીને પૂર્ણ થાય છે.

જ્યાં આત્માનું સમ્યગ્જ્ઞાન થાય ત્યાં સુખ પણ ભેગું હોય જ; જ્ઞાનના પરિણમનની સાથે અનંતશક્તિઓ ભેગી પરિણમે છે. આનંદ વગરનું જ્ઞાન હોય નહિ. આનંદ વગરનું જ્ઞાન તે સાચું જ્ઞાન નથી. ને જ્ઞાન વગર આનંદ હોતો નથી. આમ જ્ઞાન–આનંદ વગેરે શક્તિઓનું નિર્મળ પરિણમન આત્માના જ્ઞાનમાત્ર ભાવમાં ઉલ્લસી રહ્યું છે.

卐

# નિર્ણય અને અનુભવ

પ્રઃ મતિ–શ્રુતજ્ઞાનમાં આત્માને પ્રત્યક્ષ કરવાની તાકાત છે?

ઉઃ હા, સ્વસંવેદનવડે આત્માને પ્રત્યક્ષ કરવાની મતિ–શ્રુતજ્ઞાનમાં પણ તાકાત છે.

પ્રઃ આત્માનો ખરો નિર્ણય ક્યારે કહેવાય?

ઉઃ આત્માનો ખરો નિર્ણય તેને કહેવાય કે જે નિર્ણયના બળે વિકલ્પ તૂટીને જરૂર અનુભવ થાય.

પ્રઃ નિર્ણય પછી અનુભવમાં કેટલું અંતર રહે?

ઉઃ કોઈને અંતર્મુહૂર્તમાં પણ અનુભવ થઈ જાય છે.

રાજકોટ–ચર્ચામાંથી

卐

# જ્ઞાનીને ઓળખવાનું ચિહ્ન

**ભેદજ્ઞાન માટે જેને અંતરમાં જિજ્ઞાસા જાગી છે અને ભેદજ્ઞાન માટેનો જે અભ્યાસ કરે છે એવો શિષ્ય પૂછે છે કે પ્રભો! આત્મા જ્ઞાનસ્વરૂપ થયો તે કઈ રીતે ઓળખાય? આત્મા ભેદજ્ઞાની થયો તે કઈ રીતે ઓળખાય? જ્ઞાનીને ઓળખવાનું ચિહ્ન શું? અનાદિથી આત્મા વિકારરૂપ થયો થકો અજ્ઞાની હતો, તે અજ્ઞાન ટાળીને આત્મા જ્ઞાની થયો તે ક્યા ચિહ્નથી ઓળખાય?-તે સમજાવો.**

**જુઓ, આ જ્ઞાનીને ઓળખવાની ધગશ! આવી ધગશવાળા શિષ્યને આચાર્યદેવ જ્ઞાનીનું ચિહ્ન ઓળખાવે છે.**

જે આત્મા જ્ઞાની થયો તે પોતાને એક જ્ઞાયકસ્વભાવી જ જાણતો થકો જ્ઞાનભાવે જ પરિણમે છે, ને વિકારના કે કર્મના કર્તાપણે તે પરિણમતો નથી. આ જ્ઞાનીનું ચિહ્ન છે.

જુઓ, આ જ્ઞાનીને ઓળખવાનું ચિહ્ન! આવાં ચિહ્નથી જ્ઞાનીને ઓળખે તેને ભેદજ્ઞાન થયા વગર રહે નહિ, એટલે તે પોતે પણ જ્ઞાની થઈ જાય.

અહીં જ્ઞાનપરિણામને જ જ્ઞાનીનું ચિહ્ન કહ્યું; જ્ઞાનીનું ચિહ્ન તો જ્ઞાનમાં હોય, કાંઈ શરીરમાં કે રાગમાં જ્ઞાનીનું ચિહ્ન ન હોય. શરીરની અમુક ચેષ્ટાવડે કે રાગવડે જ્ઞાની ઓળખાતા નથી, જ્ઞાની તો તેનાથી ભિન્ન છે. માટે આચાર્યદેવ કહે છે કે હે શિષ્ય! જે જીવ જ્ઞાનને અને રાગને એકમેક નથી કરતો પણ જુદા જ જાણે છે, જુદા જાણતા થકો રાગાદિનો કર્તા થતો નથી પણ જ્ઞાતા જ રહે છે ને જ્ઞાનપરિણામનો જ કર્તા થઈને પરિણમે છે, તેને તું જ્ઞાની જાણ.

વ્યાપ્ય–વ્યાપકપણાના સિદ્ધાંત ઉપર અહીં જ્ઞાનીની ઓળખાણ કરાવી છે. જ્ઞાનપરિણામની સાથે જેને વ્યાપ્ય–વ્યાપકપણું છે તે જ્ઞાની છે; વિકાર સાથે જેને વ્યાપ્ય–વ્યાપકપણું છે તે અજ્ઞાની છે. વ્યાપ્ય–વ્યાપકપણું એક સ્વરૂપમાં જ હોય, ભિન્નસ્વરૂપમાં ન હોય; એટલે જેને જેની સાથે એકતા હોય તેને તેની જ સાથે વ્યાપ્ય–વ્યાપકપણું હોય, અને તેની જ સાથે કર્તાકર્મપણું હોય. જ્ઞાની જ્ઞાન સાથે જ એક્તા કરીને તેમાં જ વ્યાપતો થકો તેનો કર્તા થાય છે, એટલે જ્ઞાનરૂપ કાર્યથી જ્ઞાની ઓળખાય છે. આવો જ્ઞાની વિકાર સાથે એક્તા કરતો નથી, તેમાં તે વ્યાપતો નથી ને તેનો તે કર્તા થતો નથી. આ રીતે જ્ઞાનને વિકાર સાથે એકતા નથી. જ્ઞાનીનું આવું લક્ષણ જે જીવ ઓળખે તેને ભેદજ્ઞાન થાય, તેને વિકારનું કર્તૃત્વ ઊડી જાય અને જ્ઞાનમાં જ એકતારૂપે પરિણમતો થકો તે જ્ઞાની થાય. ભેદજ્ઞાન વગર જ્ઞાનીની સાચી ઓળખાણ થતી નથી.

જેમ ઘડાને અને માટીને એકતા છે, પરંતુ ઘડાને અને કુંભારને એક્તા નથી, તેમ જ્ઞાનપરિણામને અને આત્માને એક્તા છે; પરંતુ જ્ઞાનપરિણામને અને રાગને કે કર્મને એક્તા નથી; એટલે જ્ઞાનપરિણામ વડે જ જ્ઞાનીનો આત્મા ઓળખાય છે; જ્ઞાનપરિણામને રાગથી ભિન્ન ઓળખતાં, પોતામાં પણ જ્ઞાન અને રાગની ભિન્નતાનું વેદન થઈને, જ્ઞાનપરિણામ સાથે અભેદ એવો પોતાનો આત્મા ઓળખાય છે. જ્ઞાનીને ઓળખવાનું પ્રયોજન તો પોતાના આત્માની ઓળખાણ કરવી તે જ છે. જેણે ભેદજ્ઞાન કરી લીધું છે એવા જીવોની ઓળખાણ વડે આ જીવ પોતામાં પણ એવું ભેદજ્ઞાન કરવા માંગે છે. સામા જ્ઞાનીના આત્મામાં જ્ઞાન અને રાગને જુદા ઓળખે તે જીવ પોતામાં પણ જ્ઞાન અને રાગને જરૂર જુદા ઓળખે, એટલે તેને જરૂર ભેદજ્ઞાન થાય. ભેદજ્ઞાન થતાં આ જીવ સકળ વિકારના કર્તૃત્વરહિત થઈને જ્ઞાયકપણે શોભે છે. વિકારના કર્તૃત્વમાં તો જીવની શોભા હણાય છે, ને ભેદજ્ઞાનવડે તે કર્તૃત્વ છૂટતાં આનંદમય જ્ઞાનપરિણામથી જીવ શોભી ઊઠે છે. આવા જ્ઞાનપરિણામ તે જ જ્ઞાનીને ઓળખવાની નિશાની છે.

જુઓ, આ જ્ઞાનીને ઓળખવાની રીત! અહા! જ્ઞાનીની ઓળખાણની રીત આચાર્યદેવે અદ્‌ભુત બતાવી છે. આ રીતથી જ્ઞાનીને જે ઓળખે તે પોતે જ્ઞાની થયા વિના રહે નહિ, એવી આ ઓળખાણ છે. આ ઓળખાણ એ જ ધર્મની મોટી ખાણ

છે. આ રીતથી જેણે જ્ઞાનીને ઓળખ્યા તેણે જ જ્ઞાનીની ખરી નીકટતા કરી, જેવો જ્ઞાનીનો ભાવ છે તેવો જ ભાવ તેણે પોતામાં પ્રગટ કર્યો એટલે ભાવ અપેક્ષાએ તેને જ્ઞાની સાથે એક્તા થઈ. બાકી ક્ષેત્રથી ભલે નજીક રહે પણ જો જ્ઞાનપરિણામથી જ્ઞાનીને ન ઓળખે, ને પોતામાં જ્ઞાનપરિણામ પ્રગટ ન કરે, તો તે ખરેખર ‘જ્ઞાની’ ની નજીક નથી રહેતો, જ્ઞાનીના ભાવથી તે ઘણો દૂર છે.

જ્યારે જીવ ભેદજ્ઞાન કરે છે ત્યારે તે આસ્રવોથી પાછો વળે છે એટલે કે બંધભાવથી છૂટીને મોક્ષમાર્ગ તરફ વળતો જાય છે. દુઃખમય એવા આસ્રવો, અને સુખરૂપ એવો જ્ઞાનસ્વભાવ–એ બંને ભિન્ન છે, એવું ભેદજ્ઞાન કરનાર જીવ તે ક્ષણે જ જ્ઞાનસ્વભાવ સાથે એક્તા કરીને આસ્રવોથી છૂટો પડે છે.–આવા જ્ઞાનપરિણામનું નામ ભેદજ્ઞાન છે. તેના વડે જ જ્ઞાની ઓળખાય છે.

તે જ્ઞાની ધર્માત્મા જાણે છે કે હું પરથી ભિન્ન એક છું, વિકારરહિત શુદ્ધ છું, ને જ્ઞાન–દર્શનથી પરિપૂર્ણ છું. જ્ઞાનથી ભિન્ન જે કોઈ ભાવો છે તે હું નથી.–આ રીતે તે ભેદજ્ઞાની ધર્માત્મા અસાર અને અશરણ એવા સંસારથી પાછો વળીને પરમ સારભૂત અને શરણરૂપ પોતાના સ્વભાવ તરફ વળે છે; એટલે સ્વભાવ તરફ વળેલા જ્ઞાનપરિણામને જ તે કરે છે, જ્ઞાનપરિણામ સિવાય બીજા કોઈ ભાવનો કર્તા તે થતો નથી, તેને તો પોતાથી ભિન્ન જાણીને તે તેનો જ્ઞાતા જ રહે છે.

આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહીંથી એટલે કે જ્યારથી ભેદજ્ઞાન થયું ત્યારથી જગતનો સાક્ષી પુરાણ પુરુષ પ્રકાશમાન થયો. ભેદજ્ઞાન થતાં જ ચૈતન્ય ભગવાન આત્મા પોતાના જ્ઞાનપરિણામથી ઝળહળી ઊઠયો.

આટલી વાત કરી કે તરત જ જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન ઊઠયો કે પ્રભો! આવા જ્ઞાનીને કઈ રીતે ઓળખવા? ચૈતન્ય ભગવાન ઝળહળી ઊઠયો તેને કઈ રીતે ઓળખવો? ખરેખર શિષ્ય પોતે આવું ભેદજ્ઞાન પ્રગટ કરવા તૈયાર થયો છે, એટલે હું પણ આવું ભેદજ્ઞાન કઈ રીતે પ્રગટ કરું! એવી ધગશથી તેને પ્રશ્ન ઊઠયો છે.

ત્યારે આચાર્યદેવ તેને કહે છે કે જ્ઞાની પોતાના જ્ઞાનમય પરિણામને જ કરે છે, જ્ઞાનમય પરિણામનું જ કર્તાપણું–તે જ્ઞાનીનું ચિહ્ન છે. તે જ્ઞાનીની નિશાની છે;

જેમ મોટા રાજામહારાજાઓને ધજામાં ચિહ્ન હોય છે, તે ચિહ્ન ઉપરથી તે ઓળખાય છે, જ્ઞાની ધર્માત્મા તો રાજાનો પણ રાજા છે, તેની ધજાનું કાંઈ ચિહ્ન ખરું? તો કહે છે કે હા; રાગાદિના અકર્તાપણારૂપ જે જ્ઞાનપરિણામ તે જ જ્ઞાનીની ધર્મધજાનું ચિહ્ન છે, તે ચિહ્નવડે જ્ઞાની–રાજા ઓળખાય છે. અને આ રીતે જ્ઞાનપરિણામવડે જ્ઞાનીને ઓળખનાર જીવ પોતે પણ તે કાળે જ્ઞાનસ્વરૂપ થઈને, કર્તૃત્વ રહિત થયેલો શોભે છે.

આ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવનું ચિહ્ન બતાવ્યું. 'વાહ! ભારે અદ્ભુત વાત કરી છે, જે જાગીને જુએ તેને જણાય તેવું છે.'

(સમયસાર ગાથા ૭૫ ઉપરના પ્રવચનોમાંથી)

卐

સંસારમેં જન્મ–મરણ તો હુઆ હી કરતા હૈ.

જન્મમરણસે બચના હો તો સંસારમેં નહીં રહના ચાહીએ.

દૂસરોંકે મરણસે તું દુઃખી હોતા હૈ લેકિન પહલે

તેરી આત્માકો તો મરણસે છૂડા.

અશરીરી આત્માકી ભાવના કરના

યહી જન્મ–મરણસે છૂટનેકી રાહ હૈ.

## શાંતિ

આત્માની શાંતિ જોઈતી હોય તો સન્તો તને આ એક મંત્ર આપે છે કે તારો આત્મા શુદ્ધ પરમાત્મા છે તેને ઉપાદેય કરીને તેનું જ રટણ કર. આ જગતમાં કાંઈ પણ શરણ હોય ને ક્યાંય પણ સુખ હોય તો તે શુદ્ધાત્મામાં જ છે; બીજું કાંઈ શરણ નથી ને બીજે ક્યાંય કિંચિત્ સુખ નથી. માટે તારા શુદ્ધાત્માને દેહાદિથી અત્યંત ભિન્ન ઓળખ, તેનો આશ્રય કરીને તેનું શરણ લે, તેને ઉપાદેય કરીને તેમાં જ્ઞાનને જોડ.–એમાં પરમ શાંતિ છે.

*

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

( લેખાંક : ૫૦ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

卐

આત્મધર્મના ઘણા જિજ્ઞાસુ પાઠકો તરફથી સહેલા લેખોની માંગણી થતાં, ૧૨૫ માસ પહેલાં ( અંક ૧૫૮થી ) શરૂ કરવામાં આવેલી આ સહેલી લેખમાળા હવે પૂર્ણતાની નજીક પહોંચી રહી છે. સૌને પસંદ પડેલી આ લેખમાળા એ સમાધિશતક ઉપરનાં પ્રવચનો છે. સમાધિશતકના રચનાર શ્રી પૂજ્યપાદસ્વામી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં ( છઠ્ઠી–સાતમી શતાબ્દિમાં ) થઈ ગયેલા મહાન દિગંબર સંત છે; તેમનું બીજું નામ 'દેવનંદી' હતું; તેઓ પણ વિદેહક્ષેત્રે સીમંધરભગવાન પાસે ગયેલા એવો ઉલ્લેખ શિલાલેખોમાં છે. તત્ત્વાર્થસૂત્ર ઉપર 'સર્વાર્થસિદ્ધ' જેવી મહાન ટીકા, તથા જૈનેન્દ્ર–વ્યાકરણ વગેરે મહાન ગ્રંથો તેમણે રચ્યા છે. તેમની અગાધબુદ્ધિને લીધે મુનિઓએ તેમને 'જિનેન્દ્રબુદ્ધિ' કહ્યા છે.–આવા આચાર્યના સમાધિશતક ઉપરનાં આ પ્રવચનો આપ દશ વર્ષથી વાંચી રહ્યા છો.–સં.

અવ્રત અને વ્રત બંનેનો ત્યાગ કરવાથી શું થાય છે?–એમ પૂછવામાં આવતાં આચાર્યદેવ કહે છે કે એ બંનેના ત્યાગથી આત્માને પરમપ્રિય હિતકારી ઈષ્ટ એવા સુંદર પરમપદની પ્રાપ્તિ થાય છે.–

यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षा -जालमात्मनः।

मूलं दुःखस्य तन्नाशे शिष्टमिष्टं परं पदम्।। ८५।।

અંતરમાં અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પોરૂપ જે કલ્પનાજાળ છે તે જ આત્માને દુઃખનું મૂળ છે; ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતાવડે તેનો નાશ કરતાં પોતાના પ્રિય હિતકારી એવા પરમપદની પ્રાપ્તિ થાય છે–એમ જિનદેવે કહ્યું છે.

સંતો કહે છે કે 'નિર્વિકલ્પરસ પીજીયે' ...એટલે પોતાના ચિદાનંદમય પરમ અતીન્દ્રિય સ્વરૂપનું નિર્વિકલ્પ વેદન કરવું તે જ આનંદ

છે, અને તે સ્વરૂપથી બહાર નીકળીને જેટલા સંકલ્પો–વિકલ્પો છે તે દુઃખનું કારણ છે. અંતર્મુખ થઈને જે નિર્વિકલ્પ થાય છે તે જ પરમપદને પામે છે. જે જીવ ચૈતન્યસ્વરૂપને ચૂકીને સંકલ્પ–વિકલ્પને અપનાવે છે તે પરમપદને પામતો નથી.

સંકલ્પ–વિકલ્પરૂપ જેટલા રાગ છે તે બધાય સંસારદુઃખનું જ કારણ છે. તે રાગથી આત્માને લાભ માનવો તે તો ઝેરની છરી લઈને પોતાના પેટમાં ભોંકીને તેનાથી લાભ માનવા જેવું છે. આત્માનો ચિદાનંદ સ્વભાવ આનંદનું મૂળ છે, ને તે સ્વભાવમાંથી બહાર નીકળીને જે કોઈ શુભ–અશુભવૃત્તિ ઊઠે છે તે બધી આકુળતાજનક છે, સંસારદુઃખનું જ કારણ છે. તેને છોડીને ચિદાનંદતત્ત્વમાં ઠરવાથી જ પરમઆનંદનો અનુભવ થાય છે.

અહો! કેવો સુંદર માર્ગ છે!! પરમ વીતરાગી શાંતિનો માર્ગ છે; અરે! સર્વજ્ઞના આવા વીતરાગી શાંતમાર્ગને અજ્ઞાનીઓ વિપરીતરૂપે માની રહ્યા છે. જ્ઞાની ધર્માત્મા જાણે છે કે અહો! ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થઈને પરમ વીતરાગી આનંદનું વેદન કરવું તે જ એક અમને પરમ ઇષ્ટ છે, તે જ અમને વહાલું છે, તે જ અમારું પ્રિય પદ છે, એ સિવાય રાગની વૃત્તિ ઊઠે તે દુઃખદાયક છે, તે અમને ઇષ્ટ નથી, તે અમને પ્રિય નથી, તે અમને વહાલી નથી. અમે તે રાગની વૃત્તિ છોડીને ચૈતન્યમાં જ લીન રહેવા માંગીએ છીએ.

* * *

(વીર સં. ૨૪૮૨ શ્રાવણ સુદ ત્રીજ)

આ આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે ને પોતે સ્વયં આનંદ સ્વરૂપ છે; સંકલ્પ–વિકલ્પોની જાળ ઊઠે તે આકુળતા છે, તે આત્માનું સ્વરૂપ નથી, તે તો દુઃખનું મૂળ છે. ચૈતન્યસ્વરૂપથી બહાર નીકળીને, બાહ્યવિષયોના જે કાંઈ સંકલ્પ–વિકલ્પ થાય તે બધા હિતકર નથી પણ દુઃખકર છે. તે સંકલ્પ–વિકલ્પનો નાશ કરીને ચૈતન્યસ્વરૂપમાં લીનતા કરવાથી જ ઇષ્ટ એવું પરમ પદ પ્રાપ્ત થાય છે–એમ ભગવાને કહ્યું છે. અવ્રત કે વ્રતની વૃત્તિ ઊઠે તે ઇષ્ટ નથી, તેમજ તેનાથી ઈષ્ટપદની પ્રાપ્તિ થતી નથી, નિર્વિકલ્પ આનંદનું વેદન થાય તે જ આત્માને ઇષ્ટ છે.

આ ભગવાન આત્મા ઇન્દ્રિયોથી પાર અતીન્દ્રિય છે, વિકલ્પોથી પાર નિર્વિકલ્પસ્વરૂપ છે, ચિદાનંદમય છે; આવા નિજ આત્માને ભૂલીને બાહ્ય વિષયો તરફના ઝૂકાવથી જે સંકલ્પ–વિકલ્પ થાય તેમાં જ અજ્ઞાની ફસાઈ રહે છે; પરંતુ અહીં તો તે ઉપરાંત એમ કહે છે કે ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન થયા પછી પણ અસ્થિરતાથી જે વ્રતાદિના વિકલ્પ ઊઠે છે તે પણ આકુળતારૂપ છે–બંધનું કારણ છે–દુઃખનું કારણ છે. ભલે

સીધી રીતે બાહ્ય વિષયોમાં પ્રવર્તતો ન હોય, પણ જો અંદર સંકલ્પ–વિકલ્પના ગણગણાટ થતા હોય તો તે પણ દુઃખરૂપ છે. સંકલ્પ–વિકલ્પ સર્વથા છૂટયા પહેલાં પણ આ વાતનો નિર્ણય કરવો જોઈએ. અહો! મને શાંતિ અને આનંદ તો મારા આત્માના અનુભવમાં જ છે, સંકલ્પ–વિકલ્પ ઊઠે તેમાં મારી શાંતિ નથી. સાધકદશામાં વ્રત–તપના વિકલ્પ તો આવે, પણ તે છોડીને સ્વરૂપમાં ઠરીશ ત્યારે જ મને મારા પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે–એમ જે નિર્ણય નથી કરતો અને તે વિકલ્પથી લાભ માને છે તે તો અજ્ઞાની છે; ઇષ્ટપદ શું છે તેની પણ તેને ખબર નથી, તેણે તો રાગને જ ઇષ્ટ માન્યો છે. જ્ઞાની તો પોતાના ચૈતન્યપદને જ ઇષ્ટ સમજે છે, ને અવ્રત તેમજ વ્રત બંને છોડીને ચિદાનંદસ્વરૂપમાં લીનતાથી તે પરમ ઇષ્ટપદને પામે છે. જ્યાંસુધી સંકલ્પ–વિકલ્પની જાળમાં ગૂંચવાયા કરે ત્યાંસુધી પરમસુખમય ઇષ્ટપદની પ્રાપ્તિ જીવને થતી નથી; જ્યારે અંતરના સંકલ્પ–વિકલ્પની સમસ્ત જાળ છોડીને પોતે પોતાના ચૈતન્યચમત્કારરૂપ વિજ્ઞાનઘન આત્મામાં લીન થાય છે. ત્યારે જ અનંતસુખમય પરમપદની પ્રાપ્તિ થાય છે. ।। ૮૫ ।।

ચૈતન્યસ્વરૂપ આત્માનું જેને ભાન છે અને સમસ્ત સંકલ્પ–વિકલ્પોની જાળનો નાશ કરવા માટે જે ઉદ્યમી છે એવો જીવ ક્યા ક્રમથી તેનો નાશ કરે છે તે બતાવે છે–

अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः।
परात्मज्ञानसंपन्नः स्वयमेव परो भवेत्।।८६।।

અવ્રતી વ્રતને ગ્રહણ કરીને અવ્રતસંબંધી વિકલ્પોનો નાશ કરે, અને પછી જ્ઞાનપરાયણ થઈને એટલે જ્ઞાનમાં લીન થઈને વ્રતસંબંધી વિકલ્પોનો પણ નાશ કરે. આ રીતે જ્ઞાનભાવનામાં લીનતા વડે તે જીવ પરાત્મજ્ઞાન–સંપન્ન–ઉત્કૃષ્ટઆત્મજ્ઞાનસંપન્ન એટલે કે કેવળજ્ઞાનસંપન્ન પરમાત્મા થાય છે.

સૌથી પહેલાં સમ્યગ્દર્શન તો થયું છે ત્યારપછીની આ વાત છે. જેને સમ્યગ્દર્શન નથી તેને તો અવ્રતનો ત્યાગ હોતો નથી, તેને તો અંશમાત્ર સમાધિ હોતી નથી.

હું વિકલ્પોથી પાર જ્ઞાનાનંદસ્વરૂપ છું–એવું જેને સમ્યક્ભાન નથી તે શેમાં એકાગ્ર થઈને સંકલ્પ–વિકલ્પોને છોડશે? ચૈતન્યસ્વરૂપમાં જેટલી એકાગ્રતા થાય તેટલી જ સમાધિ થાય છે. જુઓ, કેવળી ભગવાનને પરિપૂર્ણ અનંતસુખરૂપ સમાધિ જ છે. મુનિદશામાં જે વ્રતાદિનો વિકલ્પ ઊઠે છે તેટલી પણ અસમાધિ છે, સમકિતીને જે અવ્રતોનો વિકલ્પ ઊઠે તેમાં વિશેષ અસમાધિ છે; અને મિથ્યાદ્રષ્ટિને તો ઘોર અસમાધિ છે. જેટલી અસમાધિ છે તેટલું દુઃખ છે. કેવળી ભગવંતોને પરિપૂર્ણ અનંતસુખ છે; ત્યારપછી બારમા વગેરે ગુણસ્થાને તેનાથી ઓછું સુખ છે. મુનિઓને જેટલો સંજ્વલન કષાય છે તેટલું પણ દુઃખ છે, ને જેટલી જ્ઞાનપરાયણતા છે તેટલું સુખ છે.

સમકિતીને ચોથા ગુણસ્થાને અવ્રત સંબંધી વિકલ્પો હોવા છતાં, તે શ્રદ્ધાઅપેક્ષાએ તો જ્ઞાનપરાયણ જ છે, વિકલ્પપરાયણ નથી,–વિકલ્પથી લાભ માનતો નથી.

પહેલાં અવ્રતનો ત્યાગ કરીને વ્રતી થવાનું કહ્યું, ત્યાં કોઈ એમ માને કે આપણને સમ્યગ્દર્શન ભલે ન હો, પણ પહેલાં અવ્રત છોડીને વ્રત લઈ લેવાં, પછી સમ્યગ્દર્શન થવું હશે તો થશે!–તો એમ માનનાર મહા મૂઢ છે, તેને જૈનશાસનની પરિપાટીની ખબર નથી. સમ્યગ્દર્શન વગર કદી વ્રત હોય જ નહિ ને અવ્રત છૂટે જ નહિ. પહેલાં મિથ્યાત્વ છૂટે પછી જ અવ્રત છૂટે ને પછી જ વ્રત છૂટે. મિથ્યાત્વ જ જેનું છૂટયું નથી તેને અવ્રતાદિનો ત્યાગ થઈ શકે જ નહિ. જેને સમ્યગ્દર્શન જ નથી તે તો બહિરાત્મા છે. અહીં તો તે બહિરાત્મપણું છોડીને જે અંતરાત્મા થયા છે–સમ્યગ્દ્રષ્ટિ થયા છે, તે અંતરાત્મામાંથી પરમાત્મા થવાની આ વાત છે. અંતરાત્મા થયા પછી જ્ઞાનાનંદસ્વરૂપમાં લીન થવાથી જ પરમાત્મદશા થાય છે. પહેલાં જ જેણે મિથ્યાત્વ તો છોડયું છે ને જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન કર્યું છે એવા સમકિતી પહેલાં અવ્રતને છોડીને, અને પછી વ્રતને પણ છોડીને, પોતાના ચિદાનંદસ્વરૂપમાં નિર્વિકલ્પપણે લીન થઈને કેવળજ્ઞાન પ્રગટાવીને પરમાત્મા થાય છે ને સિદ્ધપદ પામે છે.

–આ રીતે જ્ઞાનભાવના જ મોક્ષનું કારણ છે, વ્રતાદિના વિકલ્પો મોક્ષનું કારણ નથી. ।। ૮૬।।

જેમ વ્રતાદિના વિકલ્પો મોક્ષનું કારણ નથી તેમ મુનિલિંગનો વિકલ્પ પણ મોક્ષનું કારણ નથી–એમ હવે આચાર્યદેવ કહેશે.

## ચક્રવર્તીનું બળ

ચક્રવર્તીના રાજનું જે ક્ષેત્ર (એટલે કે છખંડ) તેમાં વસનાર સમસ્ત દેવો અને મનુષ્યોનું જેટલું બળ છે તેના કરતાં અનેકગણું બળ ચક્રવર્તીની ભૂજામાં છે,–એમ આદિપુરાણમાં કહ્યું છે.

જેની ભૂજાનું આટલું બળ, તેના સંપૂર્ણ બળની શી વાત! અને અનંતગુણથી ભરેલા એવા તેના આત્મબળની શી વાત!

હે જીવ! તું પણ જ્ઞાનચક્રનો ધારક ચૈતન્યચક્રવર્તી છો. તારા જ્ઞાનચક્રવડે સમસ્ત વિભાવોને ભેદી નાખવાની તારી તાકાત છે. એકકોર જગતના સમસ્ત જડ–ચેતન પદાર્થો, ને બીજી કોર તું એકલો, છતાં જ્ઞાનચક્રવડે સમસ્ત જ્ઞેયોને પહોંચી વળવાની તારી તાકાત છે. સમસ્ત જ્ઞેયો કરતાં અનંતગુણી તારી તાકાત છે.

તું આવો ચક્રવર્તી થઈને અન્ય પાસે ભીક્ષા કાં માગ?
તારા અનંત ચૈતન્યનિધાનને આનંદથી ભોગવ.

# નાનકડા બાળકોની કલમે- ( 'પત્રયોજના' ના પત્રો )

**ઉનાળાની રજાઓનો શું સદુપયોગ કર્યો-તે સંબંધી બાલવિભાગના સભ્ય-મિત્ર ઉપર પત્ર લખવાની જે યોજના ગતાંકમાં રજૂ કરેલી તેમાં અનેક સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધો છે; બાળકોએ લખેલા પત્રો અહીં રજૂ કર્યા છે. બાળકોના જીવનમાં ધાર્મિકસંસ્કારો કેવું સુંદર કામ કરે છે, ને તેમના જીવનઘડતરમાં માતા-પિતાની પ્રેરણા પણ કેવો ફાળો આપી શકે છે? તે આમાં દેખાઈ આવશે. બંધુઓ, તમારા ભાઈ-બહેનોએ આ પત્ર તમારા ઉપર જ લખેલો છે એમ સમજીને દરેક પત્ર બધા સભ્યો ઉત્સાહથી વાંચજો, ને તેમાંથી ઉત્તમ પ્રેરણા મેળવજો. બાલવિભાગના સભ્યો એકબીજાને મળો ત્યારે સગા ભાઈ-બહેન જેવા હેતથી મળજો.**

- जय जिनेन्द्र

*** લાઠીના સભ્ય નં. ૨૧ મુંબઈથી લખેછે**–ધર્મબંધુ ભાઈશ્રી, પહેલીજ વખત આવો પત્ર લખતાં આનંદ થાય છે. વેકેશનમાં શરૂમાં હું ક્યાંય જઈ શક્યો ન હતો કેમકે મારા પિતા–માતા પૂ. ગુરુદેવ સાથે યાત્રામાં ગયા હતા તેથી હું ક્યાંય જઈ શક્યો ન હતો. પણ, ચાર વર્ષ પહેલાં સિદ્ધાંતપ્રવેશિકાના ૧૩૨ પ્રશ્નો મેં તૈયાર કરેલા તે ભૂલી ગયો હોવાથી વેકેશનમાં બધા પ્રશ્નો તૈયાર કરી લીધા. મારા માતા–પિતા યાત્રામાંથી આવ્યા ત્યારે તેમની પાસેથી યાત્રાના આનંદની વાતો સાંભળીને મને પણ આનંદ થયો ને યાત્રા કરવાનું મન થયું. પછી હું મુંબઈ આવ્યો છું; અહીં શ્રીમદ્રાજચંદ્રના 'જીવનસંગ્રહ' નું પુસ્તક આખું વાંચ્યું; તેમાં શ્રીમદ્રાજચંદ્ર નાની ઉંમરમાં શું શું કરી ગયા–તેના ઘણા પ્રસંગ આપ્યા છે. આપણને એમ લાગે કે નાની ઉંમરના બાળક શું કરી શકે? –પણ શ્રીમદ્રાજચંદ્રનું જીવન વાંચતાં ખ્યાલ આવે છે કે કોઈ પણ માણસ કે બાળક પોતે ધારે તે કરી શકે છે; ને નાની ઉંમરથી જ આત્માના હિતનું કામ કરી લેવા જેવું છે. શ્રીમદ્રાજચંદ્રને સાતવર્ષે તો જાતિસ્મરણ (પૂર્વ જન્મનું જ્ઞાન) થયું હતું; ને ૨૯ વર્ષની વયે એક જ જગ્યાએ બેઠાબેઠા 'આત્મસિદ્ધિ' (૧૪૨ ગાથા) લખી હતી.–આ રીતે મેં વેકેશનનો સદુપયોગ કર્યો. ભાઈ! આપણે થોડુંઘણું ધાર્મિક સાહિત્ય દરરોજ વાંચવાનું રાખીએ તો ઘણું જાણવાનું મળે. આપણા આ બાલવિભાગ દ્વારા પણ આપણને ઘણું જાણવાનું મળે છે. जयजिनेन्द्र

(આ પત્રની એક વિશેષતા એ છે કે, વેકેશનમાં મુંબઈ ગયેલ આ ભાઈ, મુંબઈ જેવા શહેરમાં જઈને પણ ત્યાં ધાર્મિક વાંચન આટલા પ્રેમથી કરે છે,–તે પ્રશંસનીય છે.)

*** વીંછીયાથી સ. નં. ૬૬૬ તથા ૬૬૭ લખે છે કે-** ઉનાળાની રજાઓમાં આઠ દિવસ અમે બોટાદમાં ગુરુદેવની છત્રછાયામાં રહ્યા, ભાવભીની અમૃતવાણી સાંભળી એ અમારા મહાભાગ્ય, આનંદકારી જન્મોત્સવ પણ જોયો ને ગુરુદેવના પ્રતાપે જીવનમાં હજી ઘણા ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત કરવાની ભાવના છે.

*** અમદાવાદના ઉમેશ જૈન (નં. ૫૭૦) લખે છે-** પ્રિય મિત્ર, રજાઓમાં રાજકોટ આવીને શિક્ષણવર્ગનો ને ગુરુદેવના પ્રવચનોનો લાભ લીધો; આનંદ આવ્યો. ત્યાંના કલાસમાંથી છૂટા પડયા પછી મને અહીં ગમતું નથી. કલાસ પછી હુ મારે ગામ સાયલા ગયો હતો ને ત્યાં ધર્મચર્ચા કરી હતી, ત્યાંના લોકોને તેમાં રસ આવ્યો હતો ને ગુરુદેવના પ્રવચનનો લાભ લેવાની ભાવના થઈ હતી. અહીં અમદાવાદમાં મારા ઘરથી મંદિર ઘણું દૂર છે. બોટાદમાં ગુરુદેવની જન્મજયંતિમાં પણ હું હતો, પછી રાજકોટમાં પણ હતો, ત્યાં ભગવાનની રથયાત્રામાં મજા પડી. હું સોનગઢ ન આવી શક્યો તેનું મને દુઃખ છે. હવે તો અમારા અમદાવાદમાં પણ મંદિર બંધાઈ રહ્યું છે ને તેનો ઓચ્છવ થશે...ત્યારે ગુરુદેવ પધારશે તેની રાહ જોઈએ છીએ. ને શિક્ષણ વર્ગ પણ અમદાવાદમાં ચાલે તો કેવું સારૂં! તું પણ ત્યારે જરૂર આવજે. जयजिनेन्द्र!

*** મુંબઈથી ભરત એચ. જૈન લખે છે-** પૂ. ગુરુદેવ સાથે તીર્થયાત્રા અને પંચકલ્યાણક વગેરે ઉત્સવોનો લહાવો લઈને સૌ સોનગઢમાં સ્થિર બન્યા હશો, ખરેખર સોનગઢનું જીવન તો જાુદું જ છે. બાલવિભાગની 'પત્રયોજના' ખૂબ ગમી, તેથી બાલવિભાગના બધા સાધર્મી બંધુઓને સંબોધીને પત્ર લખતાં આનંદ થાય છે.

પ્રિય સાધર્મી મિત્રો! પરીક્ષાઓ પૂરી થયા પછી રજામાં તમે ગુરુદેવ સાથે યાત્રામાં કે રાજકોટના શિક્ષણવર્ગમાં અભ્યાસ કરવા ગયા હશો, ને ધાર્મિક ચિંતન–મનન કર્યું હશે. જો કે હું આવી ન શક્યો પણ મેં મુંબઈમાં હરવા–ફરવાનું ઓછું કરીને ધાર્મિક અભ્યાસમાં મન જોડયું. શરૂઆતમાં જરા કંટાળો લાગતો પણ અહીંના ધાર્મિક શિક્ષણવર્ગમાં જવા લાગ્યો ને ધીમે ધીમે રસ આવવા લાગ્યો. શરીર અને આત્માની ભિન્નતા, અનેકાન્તનું સ્વરૂપ ને ઉપાદાન નિમિત્તની સ્વતંત્રતા–એ બધું સમજાવીને ગુરુદેવે ખરેખર મહા ઉપકાર કર્યો છે. અમારા ધર્મશિક્ષક અમને દરરોજનું 'ઘરલેશન' પણ આપતા–પણ એ લેશન નોટબુકમાં લખવાનું નહિ હો,–આ લેશન તો ખૂબ મજાનું; શિક્ષકે એવું લેશન આપ્યું કે રોજ રાત્રે સૂતા પહેલાં તમારાથી બને તેટલો વખત બધા મિત્રોએ મળી ધાર્મિક ચર્ચા–વિચારણા કરવી.–અમને એમાં મજા પડતી ને ઘણું જાણવાનું મળતું.–પછી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું ને આત્મવિચારમાં ચિત્ત લગાડવું. નિજગુણોનો વિચાર કરવો. દેહથી ભિન્નતાનો વિચાર કરવો; આવું ઘરલેશન આપતા.

બંધુઓ, એક વાત ચોક્કસ છે કે સાચા દેવ–ગુરુ ને શાસ્ત્ર જ આપણને મોક્ષના સમ્યક્ માર્ગે લઈ જશે, માટે તેમનું બહુમાનપૂર્વક આરાધન કરવું; બહારની દુનિયાના માયા–મમતા, રાગ–દ્વેષ, ચોરી–કપટ, અસત્ય વગેરે પાપો તજીને પ્રબળ પુરુષાર્થ વડે અખંડ આનંદસ્વરૂપ આત્માની સિદ્ધિ પ્રાપ્ત કરીને જલદી મોક્ષ પામીએ એવી નિરંતર ભાવના ભાવવી.

બંધુ, નાનપણમાં અત્યારથી આપણે આવી ઉત્તમ ભાવના ભાવશું તો તેના સંસ્કાર જીવનમાં ખૂબ ઉપયોગી થશે. શરૂઆતમાં રાત્રે ખાવાનું મન થતું પણ હવે મેં રાત્રે ખાવાનું છોડી દીધું છે. બસ, તારી ધાર્મિક ભાવનાઓ પણ જણાવજે. जयजिनेन्द्र

*** શારદાબેન જૈન ( સ. નં. ૭૧૮ ) વીંછીયાથી લખે છે-** બોટાદનગરમાં વૈશાખ સુદ બીજે ગુરુદેવની જન્મજયંતિ આનંદપૂર્વક ઉજવીને ઘરે આવતાં જ મારા જન્મદિવસનું અભિનંદન કાર્ડ અને સાથે ગુરુદેવનો ફોટો દેખીને ઘણો જ આનંદ થયો. તેની ખુશાલીમાં મેં બાલવિભાગને રૂા. ૩/ ભેટ મોકલેલ છે. ભગવાન ઋષભદેવનું પુસ્તક વાંચવું શરૂ કર્યું છે. બહુ આનંદ આવે છે. બાળકો માટે આવા ધાર્મિક પુસ્તકો પણ વધુ ને વધુ બહાર પડે–એ જ ભાવના.

*** રાજકોટ ૮ વર્ષના સુભાષભાઈ ( સ. ન. ૪ ) લખે છે-** ધર્મપ્રિય બંધુ, ગુરુદેવ રાજકોટ પધાર્યા ત્યારે ભવ્ય સ્વાગતમાં અમે પણ હાથમાં કેસરી ઝંડા લઈને સ્વાગતગીત ગાતા હતા. ગુરુદેવ રાજકોટ રોકાયા તે દરમિયાન મારા ભાઈ સાથે ૭ા થી ૮ પૂજામાં તથા ૮ થી ૯ પ્રવચનમાં અને ૯ા થી ૧૦ા ધાર્મિક શિક્ષણ વર્ગમાં જતો હતો. વળી બપોરે પ્રવચનમાં, ભક્તિમાં ને શિક્ષણવર્ગમાં જતો હતો. રાત્રે ચર્ચામાં પણ જતો હતો. હું રોજ સવારમાં ઊઠીને નમોક્કાર–મંત્રનું સ્મરણ કરું છું. હું નાનો હતો ત્યારથી જૈન બાળપોથી ભણતો; ચાર વર્ષનો હતો ત્યારથી મને નમોક્કાર મંત્ર આવડે છે. ત્રણ વર્ષ પહેલાં અમારા ઘરમાં યશોધરમુનિનો ફોટો છે, તે યશોધરમુનિની જેમ પદ્માસન વાળીને ધ્યાનમાં બેસવાનું મને મન થતું; હવે બે વર્ષથી અમારા ઘરમાં બાહુબલીનો ફોટો આવ્યો છે તેથી હવે બાહુબલીની જેમ ઊભા ઊભા સીધા હાથ રાખીને ભગવાન સામે મોઢું રાખી ધ્યાન ધરતાં શીખું છું. હું ધાર્મિક વાર્તા બે સખી, દર્શનકથા, ભગવાન મહાવીર, ભગવાન ઋષભદેવ, રત્નસંગ્રહ, અકલંક–નિકલંક વગેરે વાંચું છું ને તે મને ગમે છે, પણ મને સૌથી વહાલી વસ્તુ જૈન બાળપોથી છે. ને હું પહેલી ચોપડી ભણતો ત્યારથી એ જ વાંચું છું. મને ધર્મ કરવો બહુ જ ગમે છે. કેમકે મારે મોક્ષ જાવું છે. હું આઠ વર્ષનો બાળક છું માટે ભૂલચૂક માફ કરજો. ( લગભગ આવો જ પત્ર આ ભાઈની દસવર્ષની બહેન માયાબહેને પણ લખ્યો છે. )

*** અમદાવાદથી દિલીપ જૈન ( નં. ૧૦૦ ) લખે છે-** આ વેકેશન ધર્મ સમજવા પાછળ ગાળ્યું છે; ગુરુદેવ અમદાવાદ આવ્યા ત્યારથી તેમની સાથે જ હતો. બોટાદમાં જન્મજયંતિ ભવ્યતાથી ઉજવી. પછી રાજકોટ ૨૦ દિવસ શિક્ષણવર્ગમાં જોડાયો; ત્યાં આખો દિવસ કાર્યક્રમ ભરચક હતો..........જે કરવા જેવું છે તે આત્માની ઓળખાણ કરવી જોઈએ, એ વાત ગુરુદેવ વારંવાર સમજાવતા હતા. ગુરુદેવની છત્રછાયામાં વેકેશનના દિવસો આનંદથી વીત્યા. મારું ગામ સાયલા છે, ત્યાં અમારું બે માળનું મકાન દસ વીસ વરસથી ખાલી પડયું છે. મારી ભાવના છે કે તેમાં ગામોગામની જેમ ગુરુદેવનું ટેપરેકર્ડ થયેલું પ્રવચન સાંભળવાનો અમારા ગામના લોકોને લાભ મળે ! –जयजिनेन्द्र

*** સતીશકુમાર પી. જૈન વીંછીયાથી બાલમિત્રોને લખે છે-** આ ઉનાળાની રજામાં અમે પ્રથમ આઠ દિવસ બોટાદ ગયા ને ગુરુદેવનાં પ્રવચનો સાંભળ્યા, ચર્ચા–ભક્તિ–પૂજામાં

પણ લાભ લીધો ને વૈશાખ સુદ બીજ ઊજવીને વીંછીયા આવ્યા. અહીં હું હંમેશા પૂજામાં જાઉં છું; ને બપોરે વાંચનમાં બેસું છું; તેમાં છ ઢાળા ચાલે છે. વેકેશન હોવાથી અમે ઘણા બાળકો તેમાં ભણીએ છીએ, ને આનંદ આવે છે. રાત્રે પણ સમયસારના વાંચનમાં જાઉં છું. તેમાં મને બહુ રસ પડે છે. મિત્રો ! તમે પણ પાઠશાળા જતા હશો. ધાર્મિક અભ્યાસ કરી ખૂબખૂબ આગળ વધીએ ને મોક્ષપુરીની મોજ માણીએ ને સિદ્ધભગવાનની જેમ વીતરાગી આનંદમાં ઝુલીએ–એ જ ભાવના.

* પ્રિય બંધુ ( સ NO 14)–તમારો પત્ર મળ્યો; તમે રજાઓનો ઉપયોગ માઉન્ટ આબુ વગેરે જોવામાં કર્યો...એ તમારા પત્રથી જાણ્યું. પરંતુ અમે તો તે વખતે તમારા ગામમાં ( રાજકોટમાં ) આવીને ધાર્મિક શિક્ષણનો લાભ લીધો...તમારા ગામમાં અમને બહુ મજા પડી. આત્માનું હિત થાય એવા ગુરુદેવના પ્રવચનોનો તથા ધાર્મિક શિક્ષણનો સુંદર લાભ મળ્યો. ત્યાંના ભવ્ય મંદિર માનસ્તંભ ને સમવસરણની રચના અમને તો આબુ કરતાંય વધારે ગમ્યા. તમારા ગામમાં વેકેશન વખતે આવો સરસ સુયોગ હોવા છતાં તમને આબુ જવાનું કેમ મન થયું ! આવતા વેકેશનમાં તો તમે જરૂર સોનગઢ જાજો, હું પણ આવીશ. –जयजिनेन्द्र

*** સભ્ય નં. ૧૧ લખે છે કે:-** પ્રિય ધર્મબંધુઓ, સ્કુલની પરીક્ષાઓ પૂરી થઈ, પણ ધર્મની પરીક્ષામાં પાસ થવાની તેયારી કરવી પડશે, તમે સૌ રાજકોટના શિક્ષણવર્ગમાં ગુરુદેવની છાયામાં આનંદથી લાભ લેતા હશો. હું રાજકોટ કલાસમાં આવી ન શક્યો; પણ ધર્મની પરીક્ષા માટે તૈયારી કરવા મેં મારી રજાઓનો ઉપયોગ કર્યો. સિદ્ધાંતપ્રવેશીકાના ૪૦ પ્રશ્નો કર્યા, તેમજ ભગવાન ઋષભદેવ, અકલંક–નિકલંક, નાટક, દર્શનકથા, બે રાજકુમારનો વૈરાગ્ય, કથામંજરી, બેસખી વગેરે પુસ્તકો વાંચ્યાં, પુસ્તકો વાંચવામાં ખૂબ રસ પડયો. તમે પણ ધર્મપુસ્તકોનું વાંચન કર્યું હશે. છ ઢાળાની ૧૦ ગાથા પણ મોઢે કરી.

*** મોરબીથી રમેશ જૈન અને પ્રકાશ જૈન** (NO 671) **લખે છે કે-** આ વખતે રજાઓમાં પૂ. મહારાજ સાહેબ રાજકોટ હોવાથી અમે પણ રાજકોટ ગયા હતા, ને ત્યાં કલાસમાં ધર્મનું ભણતા હતા. અમારા જેવા ઘણાય વિદ્યાર્થીઓ આવ્યા હોવાથી અમને બહુ મજા આવી હતી, ને આત્માને સમજવાની વાત અમને બહુ ગમતી હતી. રાજકોટથી ગીરનાર તીર્થ નજીક હોવાથી અમે ગીરનારની જાત્રા કરવા પણ ગયા હતા. અમારા મોટાભાઈ પણ સાથે હતા. નેમનાથ ભગવાનનું નામ લેતાં લેતાં પર્વત ચઢવાની અમને બહુ મજા આવી. ઊંચો ઊંચો ગીરનાર પર્વત વાદળથી પણ ઊંચો છે. અમે પર્વત ઉપર હતા ત્યારે નીચે વાદળા દોડતા હતા, જાણે અમે વાદળ ઉપર બેસીને ઉડતા હોય એમ થતું હતું. અમે ઠેઠ પાંચમી ટૂંકે જાત્રા કરી આવ્યા, ત્યાંથી ભગવાન નેમનાથ મોક્ષ પામ્યા છે. ગીરનારની જાત્રા પહેલી જ વાર કરી તેથી ઘણો આનંદ થયો. અમે રાજુલમાતાની ગૂફા પણ જોઈ ને ધનસેનસ્વામીની ચંદ્રગૂફામાં પણ જઈ આવ્યા. ગામના બાગમાં સિંહ પણ જોયો. આ જાત્રા જીવનમાં કદીય ભૂલાશે નહીં. આ રીતે રજામાં અમને મજા પડી. –जयजिनेन्द्र

( બાકીના પત્રો આવતા અંકે )

*** પરમ શાંતિ દાતારી ***

# અધ્યાત્મ ભાવના

( અંક ૨૮૨ થી ચાલુ ) ( લેખાંક ૪૯ )

卐 卐 卐 卐

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

* વીર સં. ૨૪૮૨ શ્રાવણ સુદ બીજ *

( ગાથા ૮૩ ચાલુ )

ધર્માત્મા સમસ્ત રાગથી પોતાના ચિદાનંદતત્ત્વને જુદું જાણે છે, રાગના અંશને પણ પોતાના અંતરંગ સ્વરૂપપણે માનતા નથી. આ રીતે રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વને જાણીને, તેમાં અંશે એકાગ્ર થતાં અવ્રતોનો ત્યાગ થઈ જાય છે. અને પછી તેમાં વિશેષ લીન થતાં અવ્રતોની માફક વ્રતોનો શુભરાગ પણ છૂટી જાય છે. જેમ અવ્રતના અશુભભાવો બંધનું કારણ છે તેમ વ્રતના શુભભાવો પણ બંધનું કારણ છે, તે પણ આત્માની મુક્તિના બાધક છે, તેથી મોક્ષાર્થીને તે પણ હેય છે. જેમ લોઢાની બેડી પુરુષને બંધનકર્તા છે તેમ સોનાની બેડી પણ બંધનકર્તા જ છે, છૂટવાના કામીએ તે બંને બેડીનાં બંધન છોડવા યોગ્ય છે; તેમ પાપ અને પુણ્ય બંને જીવને બંધનકર્તા જ છે–એમ જાણીને મોક્ષાર્થી જીવે તે બંને છોડવા જેવા છે. પુણ્ય તે આત્માની મુક્તિમાં બાધકરૂપ છે– વિઘ્નરૂપ છે છતાં તેને જે મોક્ષનું કારણ માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે, તે બંધના કારણને મોક્ષનું કારણ માને છે, એટલે ખરેખર તેણે બંધ–મોક્ષના સ્વરૂપને જાણ્યું નથી.

અજ્ઞાનીઓ કહે છે કે વ્રતાદિ વ્યવહાર કરતાં કરતાં મુક્તિ પમાશે. અહીં કહે છે કે વ્રતાદિ વ્યવહાર તો મુક્તિમાં વિઘ્ન કરનાર છે. કેટલો ફેર! મૂળ માન્યતામાં જ ફેર છે. સાધકને નીચલી ભૂમિકામાં તે વ્રતાદિનો રાગ છૂટે નહિ, પણ તે રાગને

તે બાધકરૂપે જાણે છે, તેને સાધકરૂપે નથી માનતો. અજ્ઞાની તો તે રાગને સાધકરૂપે જાણે છે એટલે તેની તો શ્રદ્ધા જ ખોટી છે.

અવ્રતની જેમ વ્રતનો શુભરાગ પણ છોડવા જેવો છે–આ વાત સાંભળતાં ઘણા લોકો રાડ નાંખી જાય છે કે 'અરે! વ્રત છોડવા જેવા?'–પણ ભાઈ રે, ધીરા થઈને સમજો તો ખરા. વ્રતનો શુભરાગ તે બંધનું કારણ છે કે મોક્ષનું? તે રાગ તો બંધનું જ કારણ છે ને મોક્ષને તો વિઘ્ન કરનાર છે. તો જે બંધનું કારણ હોય તે છોડવા જેવું હોય કે આદરવા જેવું? મોક્ષાર્થી જીવોએ રાગાદિને બંધનું જ કારણ જાણીને તે છોડવા જેવા છે. સમાધિ તો વીતરાગભાવવડે થાય, કાંઈ રાગવડે સમાધિ ન થાય. માટે મોક્ષાર્થી જીવોએ અવ્રતની જેમ વ્રત પણ છોડવા જેવા છે. ।। ૮૩।।

અવ્રત અને વ્રત બંનેને છોડવા જેવા કહ્યા, તેને છોડવાનો ક્રમ શું છે? તે હવે કહે છે–

अव्रतानि परित्यज्य व्रतेषुं परिनिष्ठितः।
त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः।।८४।।

અવ્રત અને વ્રત બંનેથી ભિન્ન શુદ્ધ ચૈતન્યતત્ત્વને ઓળખીને, સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન કરીને પછી તેમાં સ્થિરતાના ઉદ્યમ વડે પહેલાં તો અવ્રતો છોડીને ધર્મી વ્રતનું પાલન કરે છે–અર્થાત્ હજી ચૈતન્યમાં વિશેષ સ્થિરતા નથી ત્યાં એવા વ્રતોનો શુભરાગ આવે છે; અને પછી શુદ્ધોપયોગવડે સ્વરૂપમાં લીન થઈને તે વ્રતને પણ છોડીને આત્માના પરમપદને પ્રાપ્ત કરે છે. આ રીતે અવ્રત તેમ જ વ્રત બંનેને છોડીને, શુદ્ધોપયોગવડે અંતરાત્મા મુક્તિ પામે છે.

પહેલાં અવ્રત છોડીને વ્રતનો ભાવ આવે, ત્યાં ધર્મી વ્રતનું પાલન કરે છે–એમ વ્યવહારે કહેવાય; ખરેખર જે વ્રતનો રાગ છે તે રાગના પાલનની ધર્મીને ભાવના નથી. ધર્મીને તો શુદ્ધોપયોગની જ ભાવના છે. વ્રતના વિકલ્પને છોડીને તે શુદ્ધોપયોગમાં ઠરવા માંગે છે.

વ્રતના વિકલ્પ જ્યાંસુધી છે ત્યાંસુધી મુક્તિ થતી નથી; અને વ્રતના વિકલ્પથી જ્યાંસુધી લાભ માને છે ત્યાંસુધી તો મિથ્યાત્વમાંથી પણ મુક્તિ થતી નથી.

વ્રતનો શુભરાગ પણ મોક્ષનું કારણ નથી પણ મોક્ષને રોકનાર છે માટે તે છોડવા જેવો છે. આ વાત સાંભળતાં મૂઢ જીવો કહે છે કે 'વ્રત તે મોક્ષનું કારણ નથી

તો શું વ્રત છોડીને અવ્રત કરવાં?'–અરે મૂર્ખ! એ વાત ક્યાંથી લાવ્યો? અવ્રતને છોડવાનું તો પહેલાં જ કહ્યું. વ્રતને પણ જે મોક્ષનું કારણ ન માને તે અવ્રતના પાપને તો મોક્ષનું કારણ કેમ માનશે? શુભ–અશુભ બંનેથી છૂટીને આત્માના મોક્ષની વાત સાંભળતાં તેની હોંસ આવવી જોઈએ, તેને બદલે જેને ખેદ થાય છે કે 'અરે! શુભ છૂટી જાય છે!'–તો તેને મોક્ષની રુચી નથી પણ રાગની જ રુચિ છે એટલે સંસારની જ રુચિ છે.

અહીં તો ઉત્કૃષ્ટ વાત બતાવે છે. જેણે આત્માનું સમ્યક્ભાન તો કર્યું છે, તે ઉપરાંત હિંસાદિના પાપભાવોરૂપ અવ્રત પણ છોડીને અહિંસાદિ વ્રત પાળે છે, તેને પણ આગળ વધવા માટે કહે છે કે આ વ્રતના વિકલ્પોને પણ છોડીને તું સ્વરૂપમાં સ્થિર થા, તો તને પરમાત્મદશા પ્રગટ થશે.

પહેલાં આવા યથાર્થ માર્ગનો નિર્ણય કરવો જોઈએ; મોક્ષમાર્ગ તો વીતરાગભાવમાં જ છે, રાગમાં મોક્ષમાર્ગ નથી, પછી તે અશુભ હો કે શુભ; માર્ગના નિર્ણયમાં જ જેને વિપરીતતા હોય, જે રાગને મોક્ષમાર્ગ માનતો હોય, તે રાગરહિત વીતરાગી મોક્ષમાર્ગને ક્યાંથી સાધી શકશે? કુંદકુંદસ્વામી તો સ્પષ્ટ કહે છે કે રાગ તે મોક્ષમાર્ગ નથી–પછી ભલે અરિહંત કે સિદ્ધ પ્રત્યેનો તે રાગ હોય!–

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગ થઈને એ રીતે, તે ભવ્ય ભવસાગર તરે.

'તો પછી ભગવાનની ભક્તિ કોઈ નહીં કરે'–એમ કોઈ કહે, તો કહે છે કે અરે ભાઈ! ભગવાને કહેલી આવી વીતરાગી વાત જે સમજશે તેને જ વીતરાગભગવાન પ્રત્યે ખરી ભક્તિ જાગશે. પણ રાગને જે મોક્ષમાર્ગ માનશે તેને વીતરાગ પ્રત્યે ખરી ભક્તિ નહીં જાગે.

સાચા તત્ત્વના નિર્ણયપૂર્વક અવ્રત અને વ્રત બંનેનો ત્યાગ કરવાથી શું થાય છે? તે હવેની ગાથામાં કહેશે.

જો તને સ્વયં તારા પર વિશ્વાસ હોય તો,
ખાટી કે મીઠી આલોચનાની પરવા કર્યા વિના
તું તારું હિતકાર્ય કર્યે જા.

*

# ભગવાન ઋષભદેવ

## તેમની આત્મિક-આરાધનાની પવિત્ર કથા

ભગવત્ જિનસેનસ્વામી રચિત મહાપુરાણના આધારે: લે. બ્ર. હરિલાલ જૈન

(લેખાંક– ૧૪)

**જેમના દશ અવતારની પવિત્ર કથા ચાલી રહી છે એવા ભગવાન ઋષભદેવ કેવળજ્ઞાન પામી ચુક્યા છે; તે આપણે ગતાંકમાં વાંચ્યું, હવે કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવવા ચક્રવર્તી તેમજ ઇન્દ્રો આવે છે, ને ભક્તિપૂર્વક ઉત્સવ કરીને પ્રભુનો દિવ્ય ઉપદેશ સાંભળે છે-તેનું વર્ણન છે.**

## કેવળજ્ઞાનનો ઉત્સવ અને સમવસરણની રચના

આપણા ચરિત્રનાયક ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાન થયું, તેઓ સર્વજ્ઞ થયા, અરિહંત થયા, તીર્થંકર થયા. જે વખતે પ્રભુને કેવળજ્ઞાન થયું તે જ વખતે ભરતરાજાના શસ્ત્રભંડારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું, અને તે જ વખતે તેને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. એક સાથે ત્રણે વધામણી ભરતને પહોંચી. ત્યારે, ચક્રવર્તીનું રાજ અને પુત્ર એ બંને કરતાં પણ ધર્મને મહાન સમજનારા મહારાજા ભરત સૌથી પહેલાં ઋષભદેવ પ્રભુના કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા તૈયાર થયા, ને અતિશય આનંદપૂર્વક ધામધૂમથી કેવળીપ્રભુનું પૂજન કરવા સમવસરણ તરફ ચાલ્યા. એને અપાર આનંદ છે; તો આપણને ય ક્યાં ઓછો આનંદ છે? એની સવારી ભગવાન પાસે પહોંચે ત્યાર પહેલાં આપણે સમવસરણમાં પહોંચી જઈએ ને ત્યાંની કેવી અદ્ભુત શોભા છે તે જોઈએ.

ભગવાનને કેવળજ્ઞાન થતાં ફરી પાછું ઈંદ્રાસન ડોલી ઊઠયું; આખા જગતનો સંતાપ નષ્ટ થયો ને શાંતિ છવાઈ ગઈ; ત્રણલોકમાં ક્ષોભ થયો; સ્વર્ગના વાજિંત્રો જાણે કે ભગવાનના દર્શનનું સુખ લેવા માટે દેવોને નિમંત્રણ આપતા હોય તેમ સ્વયમેવ વાગી ઊઠયા. ઇન્દ્રે અવધિજ્ઞાનવડે ભગવાનને કેવળજ્ઞાન થવાનું જાણતાં જ અત્યંત આનંદિત

થઈને નમસ્કાર કર્યા; અને ભગવાનના કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા આવી પહોંચ્યા. દેવરૂપી કારીગરોએ અત્યંત ભક્તિપૂર્વક બનાવેલા ઉત્તમ સમવસરણની દિવ્ય શોભા દેખતાં જ ઇન્દ્રને પણ આશ્ચર્ય થયું. અહો! જાણે ત્રણલોકનું મંગલ દર્પણ હોય! એવા સમવસરણનું વર્ણન સાંભળતાંય ભવ્યજીવોનું મન પ્રસન્ન થાય છે, તો એનાં સાક્ષાત્ દર્શનની શી વાત! રત્નોની રજથી બનેલો ધૂલીશાલકોટ સોનાનાં સ્થંભ ને મણિરત્નોનાં તોરણોથી શોભતો હતો, અંદર ચાર રસ્તા વચ્ચે અત્યંત ઊંચા ને અદ્‌ભુત ચાર માનસ્તંભ હતાં, એને દૂરથી દેખતાં જ મિથ્યાદ્રષ્ટિ જીવોનું માન થંભી જતું હતું. ભગવાનના અનંત ચતુષ્ટયના ચિહ્ન જેવા ચાર માનસ્તંભમાં જિનેન્દ્રભગવાનની સુવર્ણ પ્રતિમાઓ હતી. માનસ્તંભ ઇન્દ્રે રચેલ હોવાથી તેને ઇન્દ્રધ્વજ પણ કહે છે. તેની બાજુમાં પવિત્ર વાવડી હતી ને થોડે દૂર સમવસરણને ફરતી પાણીની પરિખા હતી, પછી લતાવન હતું; લતાવનમાં ઇન્દ્રોના વિશ્રામ માટે ચંદ્રકાન્તમણિની બેઠકો હતી. ત્યારપછી સોનાનો કોટ હતો, તેના ચાર દરવાજા ૧૦૮ મંગળદ્રવ્યોથી શોભતા હતા; ને તેની બાજુમાં નવનિધિ હતી,–જાણે કે ભગવાને એ નિધિનો તિરસ્કાર (–ત્યાગ) કરી દીધો તેથી તે દરવાજાની બહાર ઊભીઊભી સેવા કરતી હોય! પછી નાટયશાળા તથા ધૂપઘટને ઓળંગીને આગળ જતાં સુંદર વન આવતું હતું; જાણે કે ઝાડનાં પુષ્પોવડે એ વન પ્રભુજીને પૂજી રહ્યું હોય! એવું સુશોભિત હતું. એ વનનાં વૃક્ષ એટલા બધા પ્રકાશવાળા હતાં કે ત્યાં દિવસ–રાતનો ભેદ પડતો ન હતો. અશોકવનની વચ્ચે અશોક નામનું એક મોટું 'ચૈત્યવૃક્ષ' હતું,–જે અષ્ટમંગલથી તથા જિનપ્રતિમાથી શોભતું હતું.–એ જોતાં ઇન્દ્રને પણ એમ થતું કે અહો! જેમના સમવસરણના વૈભવનું આવું અદ્‌ભુત માહાત્મ્ય, તે ભગવાન ઋષભદેવના અનુપમ કેવળજ્ઞાન–વૈભવની તો શી વાત! સુંદર વનવેદિકા પછી સુવર્ણના થાંભલા પર ૪૩૨૦ ધ્વજાઓની હાર ફરકતી હતી, જે ભગવાનના મોહનીયકર્મ ઉપરના વિજયને પ્રસિદ્ધ કરતી હતી. (આ ધ્વજસ્તંભ, માનસ્તંભ, ચૈત્યવૃક્ષ, વગેરેની ઊંચાઈ તીર્થંકરોના શરીરની ઊંચાઈથી બારગણી હોય છે.) ધ્વજાઓની ભૂમિકા પછી ચાંદીનો મોટો ગઢ હતો, જે ચાર દરવાજાથી અત્યંત શોભતો હતો. તેની અંદર દૈદીપ્યમાન કલ્પવૃક્ષોનું ઉત્તમ વન હતું; ને તેની મધ્યમાં સિદ્ધપ્રભુની પ્રતિમા સહિત સિદ્ધાર્થવૃક્ષ શોભતું હતું. ઊંચાઊંચા નવ સ્તૂપ–મંદિરો સિદ્ધ અને અર્હન્તપ્રતિમાઓ વડે બહુ આનંદકારી લાગતા હતા. એનાથી થોડે દૂર સ્ફટિકમણિનો વિશુદ્ધ કોટ એમ સૂચવતો હતો કે આ જિનેન્દ્રભગવાનની સમીપમાં ભવ્ય જીવનાં

પરિણામ સ્ફટિક જેવા વિશુદ્ધ થઈ જાય છે. સ્ફટિકના ગઢને ચારબાજુ પદ્મરાગમણિના દરવાજા હતા. પછી ચાર રસ્તાની વચ્ચેના ભાગમાં સ્ફટિકની ચાર–ચાર દિવાલો હતી,–જે બારસભાનો વિભાગ કરતી હતી અદ્‌ભુત વૈભવવાળી એ દીવાલો ઉપર રત્નના થાંભલા વડે રચાયેલો આકાશસ્ફટિકમણિનો બનેલો ઘણો વિશાળ ને અતિશય શોભાયુક્ત '**શ્રીમંડપ**' હતો. એ શ્રીમંડપ તો શ્રીમંડપ જ હતો. ભગવાને એ મંડપ વચ્ચે ત્રણ લોકની શ્રી–( શોભા ) ને ધારણ કરી હતી. ત્રણ લોકના સમસ્ત જીવોને સ્થાન દઈ શકે એવા સામર્થ્યવાળા શ્રીમંડપનો વૈભવ અદભુત હતો. ભગવાનના ચરણની શીતલતાના પ્રતાપે એ મંડપની પુષ્પમાળા કદી કરમાતી ન હતી. અહો, જિનેન્દ્રભગવાનનું આ કોઈ અદ્‌ભુત માહાત્મ્ય હતું કે માત્ર એક યોજનના શ્રીમંડપમાં સમસ્ત સુર–અસુર ને મનુષ્યો એકબીજાને બાધા કર્યા વગર સુખપૂર્વક બેસી શક્તા હતા. ત્યારપછી પ્રભુની પહેલી પીઠિકા વૈડુર્યરત્નની હતી–જેના ઉપર અષ્ટમંગલ તથા ધર્મચક્ર શોભતા હતાં. બીજી પીઠ સોનાની હતી, તેના ઉપર સિદ્ધોનાં ગુણ જેવી આઠ મહા ધજાઓ શોભતી હતી; ને ત્રીજી પીઠિકા વિવિધ રત્નોની બનેલી હતી. આવી ત્રણ પીઠિકા ઉપર બિરાજમાન જિનેન્દ્રભગવાન એવા શોભતા હતા કે–જેવા ત્રણલોકના શિખર ઉપર બિરાજમાન સિદ્ધપ્રભુ શોભે છે.

પ્રભુના સમવસરણની આવી દિવ્ય વિભૂતિ જયવંત હો કે જેની શોભા દેખીને ઇન્દ્ર પણ અતિશય પ્રસન્ન થયો, દેવો પણ આશ્ચર્યથી દેખવા લાગ્યા કે અહો ! જિનેન્દ્ર ભગવાનનો આ કોઈ અદ્‌ભુત પ્રભાવ છે.

**સિંહાસનાદિ અષ્ટ પ્રતિહાર્ય**

ત્રણ પીઠિકા ઉપર કુબેરે ગંધકુટી રચી હતી. અતિશય દૈદીપ્યમાન એ ગંધકુટીના રત્નજડિત શિખર પર કરોડો વિજયપતાકા ફરકતી હતી. ૬૦૦ ધનુષ લાંબી–પહોળી ગંધકુટી ઉપર સોનાનું '**સિંહાસન**' હતું. તીર્થંકર ભગવાન ઋષભદેવ એને શોભાવતા હતા; પોતાના કોઈ નિરાલંબી માહાત્મ્યથી ભગવાન એ સિંહાસનથી ચાર આંગળ ઊંચે અધર બિરાજતા હતા, તેઓ સિંહાસનને અડયા નહતા. અહો ! નિરાલંબી તત્ત્વ ! !

સમવસરણમાં દેવો દ્વારા '**પુષ્પવૃષ્ટિ**' થતી હતી.

ભગવાનની નીકટ એક '**અશોકવૃક્ષ**' હતું, જેમાં મરકતમણિના પાંદડાં અને વિવિધરત્નોનાં પુષ્પ હતા. એક યોજનનું એ અશોકવૃક્ષ શોકને નષ્ટ કરતું હતું, ને ખીલેલાં પુષ્પો વડે પ્રભુને પૂજતું હતું.

ઉપર રત્નજડિત ત્રણ સફેદ '**છત્રો** શોભતા હતા–જે ત્રણલોકને આનંદકારી હતા.

ચારે બાજુ દેવો ચોસઠ '**ચામર**' ઢાળતા હતા.

અતિશય ગંભીર ને મધુર **'દેવદુન્દુભી'** વાજાં વાગતાં હતાં.

જિનેન્દ્રભગવાનના શરીરમાંથી ઉત્પન્ન થતી દિવ્યપ્રભા અર્થાત્ **'ભા-મંડલ'** ના તેજ વડે આખી સમવસરણભૂમિ શોભતી હતી.–ભગવાનની આશ્ચર્યકારી પ્રભા કરોડો દેવોનાં ને સૂર્યનાં તેજને ઢાંકી દેતી હતી, ને ભગવાનનો મહાન પ્રભાવ પ્રગટ કરતી હતી. અહા, અમૃતના સમુદ્ર જેવી, અને જગતના અનેક મંગલ કરનારા દર્પણ જેવી, ભગવાનના શરીરની તે મંગલ પ્રભામાં મનુષ્યો ને દેવો પ્રસન્નતાપૂર્વક પોતાના સાત–સાત ભવો દેખતા હતા.

ભગવાનના સર્વાંગેથી **'મહાદિવ્યધ્વનિ'** છૂટતી હતી; મધુરી મેઘગર્જના જેવી અને અતિશયવાળી એ દિવ્યધ્વનિ ભગવાનના માહાત્મ્યથી સર્વભાષારૂપ થઈને ભવ્યજીવોના અજ્ઞાન અંધકારને નષ્ટ કરતી હતી ને તત્ત્વનો બોધ કરાવતી હતી. સર્વજ્ઞભગવાનની એ દિવ્યધ્વનિ એક હોવા છતાં શ્રોતાજનોની પાત્રતા અનુસાર અનેક પ્રકારની થઈ જતી હતી.–અહા, એ જિનવાણીની મધુરતાની શી વાત!

આ રીતે સિંહાસન, પુષ્પવૃષ્ટિ, અશોકવૃક્ષ, છત્ર, ચામર, દેવદુંદુભિ, ને દિવ્યધ્વનિ–એવા આઠ પ્રાતિહાર્યયુક્ત સમવસરણ, અનંત ચતુષ્ટયના નાથ એવા સર્વજ્ઞદેવ વડે શોભી રહ્યું હતું.

### ઇન્દ્ર-આગમન ને ભગવાનની સ્તુતિ

સાતિશય પુણ્યના બગીચા જેવી એ સમવસરણની શોભા દેખીને ઇન્દ્રાદિ દેવો અતિ પ્રસન્ન થયા ને ભક્તિપૂર્વક, એ ભગવાનને સેવવા માટે સમવસરણને ત્રણ પ્રદક્ષિણા દઈને સભામંડપમાં દાખલ થયા. ભગવાનનું શ્રીમુખ ચારે બાજુથી દેખાતું હતું અર્થાત્ તેઓ ચતુર્મુખ હતા. ભગવાનને અન્નપાણીનો આહાર ન હતો, વસ્ત્ર–આભુષણ પણ ન હતાં; ઇન્દ્રિયજન્ય જ્ઞાન પણ ન હતું, જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી તેઓ સર્વજ્ઞ હતા; તેઓ મોક્ષસૃષ્ટિના સર્જનહાર અને પાપસૃષ્ટિના સંહારક હતા. આવા ભગવાનને દેખતાં જ અતિશય ભક્તિથી નમ્રીભૂત એવા ઇન્દ્રે ઘુંટણભર થઈને પ્રણામ કર્યા; તેનાં નેત્રો અને મુખ હર્ષથી પ્રફૂલ્લિત બન્યાં નમસ્કાર કરી રહેલા ઇન્દ્ર–ઇન્દ્રાણીના મસ્તક પર પોતાના નખના કિરણો વડે ભગવાન જાણે કે આશીર્વાદ વરસાવતા હતા. અષ્ટવિધ ઉત્કૃષ્ટ પૂજન–સામગ્રી વડે ઇન્દ્રોએ શ્રદ્ધાપૂર્વક ભગવાનની પૂજા કરી; ઇન્દ્રાણીએ પ્રભુચરણ સમીપે રંગબેરંગી રત્નોના મંડલ પૂર્યા.–પરંતુ કૃતકૃત્ય એવા ભગવાનને એ બધાથી શું પ્રયોજન હતું? એ તો વીતરાગ હતા, એ ન કોઈના ઉપર પ્રસન્ન થતા, કે ન કોઈના ઉપર દ્વેષ કરતા; અને છતાંય ભક્તોને ઇષ્ટફળથી યુક્ત કરી દેતા હતા–એ એક આશ્ચર્યકારી વાત છે! (ભગવાનમાં પરનું અકર્તૃત્વ, સાક્ષીપણું)

અને વીતરાગતા હોવા છતાં ભક્તો પોતાના ઉત્તમભાવનું ઇષ્ટફળ પામતા હતા–એવી સ્વતંત્રતા એ એક આશ્ચર્યકારી વાત છે,–કે જે જૈનધર્મમાં જ સંભવે.)

ત્યારબાદ ઇન્દ્ર અત્યંત ભક્તિથી સ્તુતિ કરવા લાગ્યોઃ હે જિનનાથ! આપ ગુણરત્નોના ખજાના છો, આપના પ્રત્યેની ભક્તિ ઇષ્ટફળ દેનારી છે. અમે જડબુદ્ધિ હોવા છતાં આપના ગુણોની ભક્તિ અમને વાચાલિત કરે છે. પ્રભો, આપનું અત્યંત નિર્વિકાર શરીર જ આપના શાન્તિસુખને પ્રગટ દેખાડી રહ્યું છે. વસ્ત્રરહિત હોવા છતાં આપનું શરીર સર્વોત્કૃષ્ટ સુંદરતાને ધારણ કરી રહ્યું છે. પ્રભો! આપના કલ્યાણકોમાં દેવો પણ દાસ થઈને આપની સેવા કરે છે. મોક્ષમાર્ગરૂપી સૃષ્ટિના આપ વિધાતા છો; આપ જ જગતમાં મિત્ર છો, આપ જ ગુરુ છો, આપ જ જગતના પિતામહ છો, આપનું ધ્યાન કરનાર જીવો અમર એવા મોક્ષપદને પામે છે. પ્રભો! દિવ્યધ્વનિ વડે આપ જગતને મોક્ષના અનંતસુખનો માર્ગ દેખાડનારા છો. આપે બતાવેલા મોક્ષમાર્ગમાં ચાલનારા જીવો પરમ આનંદને પામે છે. પ્રભો! જગતના સમસ્ત પદાર્થો જેમાં ભરેલા છે એવી આપની દિવ્યધ્વનિ વિદ્વાનોને તરત જ તત્ત્વજ્ઞાન કરાવે છે, ને સ્વાદ્વાદરૂપી નીતિવડે તે અંધમતના અંધકારને દૂર કરે છે. આપની વાણી એ પવિત્ર તીર્થ છે, ને આપે કહેલું ધર્મરૂપી તીર્થ ભવ્ય જીવોને સંસારથી પાર થવાનો માર્ગ છે; પ્રભો! સર્વ પદાર્થોને જાણનારા આપ સર્વજ્ઞ છો; મોહના વિજેતા છો; ધર્મતીર્થના કર્તા તીર્થંકર છો; મુનિઓ આપને જ પુરાણપુરુષ માને છે. કેવળજ્ઞાનરૂપી નિર્મળ નેત્ર આપને પ્રગટયું છે. હે પ્રભો! આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ ને અમારી પવિત્ર સ્તુતિનો સ્વીકાર કરો–આ પ્રમાણે ભક્તિપૂર્વક સેંકડો સ્તુતિ કરીને ઇન્દ્રોએ પ્રભુચરણોમાં મસ્તક નમાવ્યું, ને ભગવાનના શ્રીમુખ તરફ ટગટગ જોતા સભામંડપમાં બેઠાં. શાસ્ત્રકાર કહે છે કે અહો! જિનેન્દ્રભગવાનના દિવ્યવૈભવરૂપ આ આખા સમવસરણની ને માનસ્તંભ વગેરેની હું પ્રસન્નતાપૂર્વક સ્તુતિ કરું છું, વંદના કરું છું, તથા તેનું સ્મરણ કરું છું.

સ્વયંભૂ ભગવાન ઋષભદેવની ધર્મસભામાં અનુક્રમે બાર કોઠામાં પ્રથમ ગણધરાદિ મુનિવરો (૨) કલ્પવાસી દેવીઓ (૩) આર્યિકા તથા શ્રાવિકાઓ (૪) જ્યોતિષી દેવીઓ (૫) વ્યંતર દેવીઓ (૬) ભવનવાસી દેવીઓ (૭) ભવનવાસી દેવ (૮) વ્યન્તર દેવ (૯) જ્યોતિષી દેવ (૧૦) કલ્પવાસી દેવ (૧૧) મનુષ્યો તથા (૧૨) તિર્યંચોની સભા હોય છે. ધર્મચક્રના અધિપતિ એવા શ્રી જિનેન્દ્રભગવાનના સમવસરણ–વૈભવનું જે ભવ્યજીવ ભક્તિપૂર્વક સ્મરણ કરે છે તથા સ્તવન કરે છે તે સમસ્ત ગુણોથી ભરપૂર એવી જિનવિભૂતિને પામે છે.

–*–




## ગતાંકના પ્રશ્નોના જવાબ

(૧) તમારો મુખ્ય ગુણ ક્યો?
હું જીવ છું; જ્ઞાન મારો મુખ્ય ગુણ છે. મારામાં ગુણ અનંત છે, પણ તેમાં મુખ્ય જ્ઞાન છે.

(૨) જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એ છએ દ્રવ્યોમાં અસ્તિત્વ ગુણ છે; કેમકે અસ્તિત્વ તે સામાન્ય ગુણ છે એટલે બધાય દ્રવ્યોમાં તે હોય છે.

(૩) સમ્મેદશિખર તે ભારતનું સૌથી મહાન તીર્થ છે. ત્યાંથી અનંતા જીવો મોક્ષ પામ્યા છે. ત્યાંથી મોક્ષ પામનારા તીર્થંકરોમાં સૌથી છેલ્લા પાર્શ્વનાથ તીર્થંકર મોક્ષ પામ્યા છે. અને તેમના નામ ઉપરથી આ પહાડને ‘પારસનાથ હીલ’ પણ કહેવાય છે. ત્યારપછી ચોવીસમા મહાવીર તીર્થંકર થયા તેઓ પાવાપુરીથી મોક્ષ પામ્યા છે; નેમપ્રભુ ગીરનારથી, વાસુપૂજ્યપ્રભુ મંદારગિરિ (ચંપાપુર) થી, ૠષભદેવ કૈલાસ ઉપરથી મોક્ષ પધાર્યા છે. બાકીના ૨૦ તીર્થંકરો સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા છે.

(૪) આપણા બાલવિભાગના સભ્યોએ તેમજ બધાય જૈનોએ કરવા જેવી ત્રણ વાત–
। હંમેશા જિનેન્દ્રભગવાનના દર્શન કરવા.
।। તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો.
।।। રાત્રિભોજનનો ત્યાગ કરવો.

(આ પ્રશ્નના જવાબમાં ઘણા બાળકોએ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર લખેલ છે, તથા ઘણાએ આત્માર્થીતા, વાત્સલ્ય અને દેવ–ગુરુ–ધર્મની સેવા લખેલ છે. તે પણ સારી ભાવના છે.) બંધુઓ, તમે આ ત્રણ વાત કરજો અને તેનો ખૂબ પ્રચાર કરજો. जय जिनेन्द्र

વાંકાનેર વગેરેના કોઈ કોઈ સભ્યોના નામ ભૂલથી બે વાર લખાયેલ, તેથી તેમને ભેટપુસ્તક પણ બે વાર મળેલ, તે બાળકોએ વધારાનું પુસ્તક પાછું મોકલ્યું તેમજ પોતાનું બીજી વખતનું નામ રદ કરાવ્યું. તેમની આ પ્રકારની ચીવટ અને સહકાર બદલ ધન્યવાદ! બધા બાલસભ્યો બાલવિભાગને પોતાનો જ સમજીને જે રીતે ઉત્સાહથી સહકાર આપી રહ્યા છે–તે હર્ષની વાત છે.

“ભગવાન ઋષભદેવ”નું પુસ્તક વાંચીને ઘણા બાળકોએ પોતાનો ખૂબ હર્ષ વ્યક્ત કર્યો છે; ને બીજું આવું સાહિત્ય વાંચવા મળે એવી માંગણી કરી છે. બંધુઓ, ભગવાન ઋષભદેવનું જીવનચરિત્ર તમે પ્રેમથી વાંચ્યું ને લાભ લીધો તે બદલ તમને ધન્યવાદ! આવું સાહિત્ય વાંચવાની તમારી ભાવના જરૂર પૂરી થશે.

બંધુઓ, તમે ઘણીવાર લેખ–કવિતા વગેરે મોકલો છો, તે માટે ધન્યવાદ! પરંતુ તમે મોકલેલ લેખ–કવિતા વગેરે આત્મધર્મમાં છપાવા જ જોઈએ–એવો આગ્રહ ન રાખવો જોઈએ; પણ છાપવા ન છાપવાની બાબત સંપાદકની પસંદગી ઉપર છોડી દેવી જોઈએ. આત્મધર્મના ઉચ્ચ ધોરણઅનુસાર યોગ્ય લેખો છપાતા હોય છે. કોઈ લેખ છપાતાં કદાચિત વિલંબ પણ થાય. છપાય કે ન છપાય તોપણ તમે ઉત્સાહથી તમારા લખાણ મોકલી શકો છો.

**નવા પ્રશ્નો**

( ૧ ) નીચેની ગાથા શેમાં આવે છે? ને તે કોણે બનાવી છે?

અહો અહો શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો અહો અહો ઉપકાર.

( ૨ ) ગુરુદેવ હમણાં પુરુષાર્થ સિદ્ધિઉપાય વાંચે છે; તે શાસ્ત્ર કોણે બનાવ્યું છે?

( ૩ ) નીચેના વાક્યમાં શું ભૂલ છે?

મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયા પછી સૌથી પહેલું ચંદનાસતીએ આહારદાન દીધું.

( ૪ ) A તમે હંમેશા ભગવાનના દર્શન કરો છો? B તમે રાત્રે ખાવ છો?

**કોયડોઃ**

એક સરસ મજાનું તીર્થધામ શોધી કાઢો, કે શ્રીકૃષ્ણને જે વહાલું હોય, શ્રીકૃષ્ણ જ્યાં ગયા હોય; જેનો બીજો ને ચોથો અક્ષર સરખો હોય; જ્યાં તીર્થંકર ભગવાને દીક્ષા લીધી હોય; જ્યાં મુનિઓ રહ્યા હોય. ચાર અક્ષરનું આ ઊંચું તીર્થ, જો તમે જલ્દી ન શોધી આપો તો અમે સમજશું કે તમે સૌરાષ્ટ્રના રહેવાસી નહીં!

**જવાબ મોકલનાર સભ્યોના નંબર**

૬૧૦ ૧૯૩ ૪૦૧ ૧૧૫૦ ૪૦ ૯૭૮ ૧૧૬૫ ૧૩૮૬ ૧ ૨ ૩ ૪ ૫૮૨ ૭૫૫ ૧૬૩૧ ૧૩૫ ૫૫૦ ૩૫૭ ૩૧ ૪૩૧ ૪૩૨ ૧૭૭૨ ૬૬૬ ૬૬૭ ૧૧ ૧૨૮૬ ૩૦૬ ૧૮૦ ૯૦ ૧૫૨૯ ૧૫૩૦ ૮૭ ૭૪૦ ૧૭૬૫ ૧૩૩૯ ૧૦૬ ૧૦૭ ૧૬૯૪ ૧૬૯૫ ૧૬૯૬ ૧૬૯૭ ૧૬૯૮ ૨૯૬ ૧૭ ૭૧૮ ૧૩૨૮ ૧૩૦૮ ૧૭૩૩ ૧૭૩૨ ૮૧૨ ૮૯૧ ૧૩૦૯ ૮૮૩ ૮૮૪ ૪૧૧ ૮૮૨ ૧૦૪૯ ૬૬૨ ૮૧૭ ૮૧૮ ૧૧૯ ૨૭૭ ૮૦૯ ૨૧૯

**સૂચનાઃ**- મુંબઈના બાલસભ્યોના ભેટ પુસ્તક ( ભગવાન ઋષભદેવ ) દિ. જૈન મંદિર–મુંબઈ મોકલેલ છે, તો ત્યાં તપાસ કરી મેળવી લેવા વિનંતી છે.

## 卐 અમે જિનવરનાં સંતાન ( બાલવિભાગના નવા સભ્યો ) 卐

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮૨૪ | ભારતીબાળા બાબુલાલ જૈન | દામનગર | ૧૮૪૭ | રશ્મિકાન્ત સુખલાલ જૈન | કલકત્તા |
| ૧૮૨૫ | જયાબેન રતિલાલ જૈન | વદરાડ | ૧૮૪૮ | સુશીલાકુમારી નાનાલાલ જૈન | ધનબાદ |
| ૧૮૨૬ | मैनाकुमारी उग्रसेनजी जैन | उदयपुर | ૧૮૪૯ | પંકજકુમાર મનુભાઈ જૈન | સાયન( ઈ. ) |
| ૧૮૨૭ | મૃદુલાબેન રસિકલાલ જૈન | ઘાટકોપર | ૧૮૫૦ | અશ્વિનકુમાર અંબાલાલ જૈન | વીંછીયા |
| ૧૮૨૮ | પ્રકાશ રસિકલાલ જૈન | ઘાટકોપર | ૧૮૫૧ | વસંતકુમાર તારાચંદ જૈન | તલોદ |
| ૧૮૨૯ | હર્ષાબેન રસિકલાલ જૈન | ઘાટકોપર | ૧૮૫૨ | મીનાક્ષીબેન ડાહ્યાલાલ જૈન | રાજકોટ |
| ૧૮૩૦ | હરીશ રસિકલાલ જૈન | ઘાટકોપર | ૧૮૫૩ | હરેશકુમાર ડાહ્યાલાલ જૈન | રાજકોટ |
| ૧૮૩૧ | રસિકલાલ બાબુલાલ જૈન | ઉમરાળા | ૧૮૫૪ | નીલાબેન ડાહ્યાલાલ જૈન | રાજકોટ |
| ૧૮૩૨ | પુષ્પાબેન મણીલાલ જૈન | ભાવનગર | ૧૮૫૫ | કીર્તિકુમાર ચીમનલાલ જૈન | મુંબઈ–૨ |
| ૧૮૩૩ | વિપુલ ચીમનલાલ જૈન | ઘાટકોપર | ૧૮૫૬ | જંબુકુમાર વૃજલાલ જૈન | કલોક |
| ૧૮૩૪ | મનીષા બળવંતરાય જૈન | મુંબઈ–૩ | ૧૮૫૭ | સુરેન્દ્રકુમાર હીરાલાલ જૈન | ભાવનગર |
| ૧૮૩૫ | ધીરેન્દ્રકુમાર સી. જૈન | બોરીવલી | ૧૮૫૮ | હિમાંશુકુમાર એમ જૈન | ભાવનગર |
| ૧૮૩૬ | રજનીકાન્ત અમીચંદ જૈન | અંધેરી | ૧૮૫૯ | ભરતકુમાર પી. જૈન | ઇંદોર |
| ૧૮૩૭ | રશ્મિ શાંતિલાલ જૈન | સાયન | ૧૮૬૦ | કલાબેન વિનોદચંદ્ર જૈન | મુંબઈ–૪ |
| ૧૮૩૮ | બાબુલાલ વીરજીભાઈ જૈન | અમદાવાદ | ૧૮૬૧ | પ્રવીણચંદ્ર રતિલાલ જૈન | મોરબી |
| ૧૮૩૯ | ભીખાલાલ દેવરાજભાઈ જૈન | અમદાવાદ | ૧૮૬૨ | કુમુદબેન ભીખાલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૮૪૦ | ઉર્મિલાબેન બાબુલાલ જૈન | સલાલ | ૧૮૬૩ | સરોજબેન ભીખાભાઈ જૈન | મુંબઈ–૪ |
| ૧૮૪૧ | જસવંત બાબુલાલ જૈન | સલાલ | ૧૮૬૪ | ભરતકુમાર કાંતિલાલ જૈન | નાશીક |
| ૧૮૪૨ | હિતેન્દ્ર બાબુલાલ જૈન | સલાલ | ૧૮૬૫ | સંજયકુમાર કાંતિલાલ જૈન | નાશીક |
| ૧૮૪૩ | રમેશચંદ્ર પ્રાણલાલ જૈન | વીંછીયા | ૧૮૬૬ | ચેતનાબેન કાંતિલાલ જૈન | નાશીક |
| ૧૮૪૪ | મુકુંદરાય ગીરધરલાલ જૈન | સુરેન્દ્રનગર | ૧૮૬૭ | ભાવના કાંતિલાલ જૈન | નાશીક |
| ૧૮૪૫ | અવંતીકાબેન મગનલાલ જૈન | આમોદ | ૧૮૬૮ | કિર્તી કાંતિલાલ જૈન | નાશીક |
| ૧૮૪૬ | દેવેન્દ્રકુમાર સુખલાલ જૈન | કલકત્તા | ૧૮૬૯ | પ્રફુલ્લકુમાર ત્રંબકલાલ જૈન | કલકત્તા |

અહો, આત્માનો સુખસ્વભાવ સાંભળે, તેના વિચાર–મનન કરે ને તેનો મહિમા લાવી અંદર ઊતરે, તો જગતની કોઈ ચિન્તા કે આકુળતા ક્યાં છે? સુખમાં બીજી ચિન્તા કેવી? સુખસ્વભાવી આત્માના ચિંતનથી પરમ આનંદ પ્રગટે છે. સર્વજ્ઞના મહા આનંદની તો શી વાત! આવા આનંદસ્વભાવને ભૂલીને પરની ચિન્તામાં જીવ વળગ્યો છે, તેથી દુઃખી છે. સ્વભાવમાં જુએ તો એકલું સુખ–સુખ ને સુખ જ ભર્યું છે.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

આત્મધર્મના નાના–મોટા સર્વે વાંચકોને પ્રિય એવો આ વિભાગ હમણાં યાત્રાપ્રવાસ વગેરે કારણે કેટલાક વખતથી બંધ હતો, આ અંકે તે ચાલુ થાય છે. આ વિભાગમાં ઉપયોગી એવું લખાણ કે પ્રશ્નો આપ મોકલી શકો છો.

–સંપાદક

પ્રશ્નઃ– આત્મા અનાદિ છે તેની સાબિતી શું? (સાવરકુંડલા, નં ૭૧)

ઉત્તરઃ– પ્રથમ તો સર્વજ્ઞભગવાને જોયેલો વસ્તુસ્વભાવનો નિયમ છે કે જે વસ્તુનું અસ્તિત્વ હોય તે કદી સર્વથા નાશ પામે નહિ, ને કદી તેની ઉત્પત્તિ ન થાય, એટલે કે ભૂતકાળમાં તેમજ ભવિષ્યકાળમાં પણ તે હોય જ. માટે આત્મા અનાદિ–અવિનાશી છે.

કોઈપણ પ્રયોગ દ્વારા નવીન જીવ ઉત્પન્ન કરી શકાતો નથી, કે એક પરમાણુ પણ નવો ઉત્પન્ન કરી શકાતો નથી; વસ્તુની નવી ઉત્પત્તિ જોવામાં આવતી નથી, માત્ર તેનું રૂપાંતર જોવામાં આવે છે. કોઈ મનુષ્ય મરીને દેવ થયો–ત્યાં ખરેખર મનુષ્યનો જીવ મર્યો નથી ને દેવનો જીવ નવો થયો નથી, પહેલાં જે જીવ હતો તેનું જ રૂપાંતર થયું છે. ને તે જીવ પોતે પણ અનુભવી શકે છે કે પહેલાં હું મનુષ્ય હતો ને અત્યારે હું દેવ છું; એટલે કે મનુષ્ય અને દેવ બંને વચ્ચે સળંગ રહેનાર હું નિત્ય છું.

અનેક જીવોને પૂર્વભવના સંસ્કારો, તેમજ પૂર્વભવનું પ્રમાણભૂત જાતિસ્મરણ જ્ઞાન અત્યારે પણ જોવામાં આવે છે. આ સિવાય શાસ્ત્રઅનુસાર પોતે પોતાના અંતરમાં વિચાર કરતાં પણ લક્ષમાં આવી શકે છે કે હું કાયમ ટકનાર છું. આત્માની નિત્યતા સંબંધમાં બીજા કેટલાય ન્યાયો શાસ્ત્રના અભ્યાસથી જાણી શકશો. શ્રીમદ્રાજચંદ્રજીની ‘આત્મસિદ્ધિ’ માં ગા. ૫૯ થી ૭૦ (તથા તેના પ્રવચનો) પણ આ સંબંધમાં ઉપયોગી થશે.

પ્રશ્નઃ– જીવ ક્યાં રહેતો હશે? (જયેન્દ્ર જૈન. જમશેદપુર)

ઉત્તરઃ– ‘જીવ ક્યાં હશે?–એવો પ્રશ્ન જે ઠેકાણેથી ઊઠયો, ત્યાં જ જીવ રહે

છે. આ શરીર તો પુદ્ગલ છે, પણ આ બધાયને જે જ્ઞાન જાણે છે તે જ્ઞાનમાં જીવ રહે છે. દરેક વસ્તુ પોતપોતાના ગુણોમાં વસે છે, જીવ પોતાના જ્ઞાનગુણમાં વસે છે.

પ્રશ્નઃ– મારે મોક્ષમાં જવું છે તો કેવી રીતે જવાય ? ( જયેન્દ્ર જૈન )

ઉત્તરઃ– સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરવાથી મોક્ષદશા પ્રગટે. મોક્ષ મેળવવા માટે બીજે ક્યાંય બહાર જવાની જરૂર નથી, આત્મામાં જ રહીને મોક્ષદશા પ્રગટ થાય છે.

પ્રશ્નઃ– જીવની ૧૪ માર્ગણા છે, તેમાંથી સમકિત–માર્ગણાનાં છ સ્થાન કહ્યાં છે, તે ક્યા ક્યા ? ( અરવિંદ જે. જૈન મોરબી )

ઉત્તરઃ– સમ્યક્ત્વની અપેક્ષાએ જીવને શોધવો હોય તો તે સમ્યક્ત્વના છ સ્થાનોમાંથી કોઈ એક સ્થાનમાં હોય. સમ્યક્ત્વનાં છ સ્થાનો–ક્ષાયિક સમ્યક્ત્વ, ઉપશમ સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક, સમ્યક્ત્વ, મિશ્ર સાસાદન અને મિથ્યાત્વ. મિથ્યાત્વ તે પણ સમ્યક્ત્વની વિપરીત દશા છે, એટલે સમ્યક્ત્વમાર્ગણામાં તે પ્રકાર પણ બતાવવો જોઈએ. એ જ રીતે જ્ઞાનમાર્ગણામાં અજ્ઞાનવાળા જીવોનું પણ વર્ણન આવે; કષાયમાર્ગણામાં અકષાયીજીવોનું પણ વર્ણન આવે.–જીવોના બધા પ્રકારોની ઓળખાણ કરાવવાની આ રીત છે.

* ઉમરાળાથી જયેશ જૈન ( No. ૪૦૦ ) લખે છે કે–મને મારું જન્મદિવસનું કાર્ડ ને ભગવાનનો ફોટો મળ્યો–અને ખૂબ જ આનંદ થયો છે. હું અહીં હંમેશાં ગુરુદેવની જન્મભૂમિમાં જિનેન્દ્રભગવાનના દર્શન કરવા જાઉં છું.

* રાજકોટથી ભરતકુમાર જૈન (સ. નં. ૪૦ ) લખે છે કે–“જન્મદિવસનું કાર્ડ અને ગુરુદેવનો ફોટો મળવાથી અત્યંત આનંદ થયો છે. મને તો લાગે છે કે આજે મારો તો પહેલવહેલો જ જન્મદિવસ થયો. આ દિવસે ગુરુદેવશ્રીના આશીર્વાદ તેમજ સાધર્મીબંધુના પ્રેમથી આજના નવા વર્ષથી ધર્મપ્રત્યે વિશેષ લાગણી થાય છે. નવા જન્મદિનના દિવસે ગુરુદેવને કોટિકોટિ વંદનપૂર્વક ખુશાલીમાં પંદર રૂપિયા બાલવિભાગને ભેટ મોકલ્યા છે.”

* લીંબડીથી તરુણાબેન જૈન ( સ. નં. ૬૮ ) લખે છે–મને જે વાતનો ખ્યાલ ન હતો તે જન્મદિવસના કાર્ડથી અને પૂ. ભગવતી માતાઓના ફોટાના દર્શનથી થયો. મનુષ્યજન્મનું મહત્વ મને આજ સુધી સમજાયું ન હતું. ગુરુદેવના ભક્ત થયા પછી

એ વાત સમજાણી. ચોથી તારીખે મારો જન્મ હોવાથી હું ચોથું ગુણસ્થાન પામું ને આ ૧૪મું વર્ષ બેસતું હોવાથી ભવિષ્યમાં ૧૪મું ગુણસ્થાન પામું–એવી ભાવના જન્મદિવસે ભાવું છું. પૂ. ગુરુદેવ અને પૂ. ભગવતી માતાઓનાં દર્શન મને ને મારા કુટુંબીજનોને આગળ વધવાના પુરુષાર્થમાં વિશેષ ઉપયોગી છે. હું રોજ ઊઠીને તેમને વંદન કરું છું અને મારા જન્મ–મરણના ફેરા ટળે એવી પ્રાર્થના કરું છું

મને વિચારો ખૂબ આવે છે પણ પ્રતિકૂળ સંયોગો ઘણા હોવાથી અમલમાં મુકી શક્તી નથી; છતાં આકુળતા કે કલેશ થતો નથી. આવા ગુરુ મળ્યા પછી કલેશ થાય ખરો ? ગુરુદેવના શરણે રહી મને તો નિરંતર પૂ. ભગવતી માતાઓની સેવા કરવાની ને તેમના ચરણમાં રહેવાની ભાવના છે; તે સફળ થાય તેવું માંગું છું. जयजिनेन्द्र

* “ખાવામાં જેમ કેરીનો રસ વહાલો છે એથી અધિક મને જૈનધર્મ વહાલો છે, ને એના ઉપર પ્રેમ છે.” ( સ. નં. ૬૬૭ વીંછીયા )

( એમ. એમ. પટેલઃ મુંબઈ ) ભાઈશ્રી, આત્મધર્મ અંક ૨૮૨ માં જણાવેલ ચાર જીવોમાંથી ત્રણ જીવોને નમસ્કાર કરીને ચોથા જીવ બાબત આપે પૂછયું, તો જણાવવાનું કે તેમનું નામ નારણભાઈ હતું, ને તેઓ અનેક વર્ષ ગુરુદેવના પરિચયમાં રહ્યા હતા. દસેક વર્ષ પહેલાં તેઓ સ્વર્ગવાસ પામી ગયા છે. ( બયાના શહેરમાં સીમંધરપ્રભુના દર્શન વખતે ગુરુદેવના વિશિષ્ટ ઉલ્લાસનો ખાસ પ્રસંગ બનેલો તેથી તે સંબંધી કેટલીક વાત પ્રસિદ્ધિમાં મુકી હતી; બાકી ગુરુદેવના શ્રીમુખથી બીજી ઘણી આનંદકારી વાત આવતી હોય છે, એ બધી કાંઈ આત્મધર્મમાં આપી શકાય નહીં. માટે જ સાક્ષાત્ સત્સંગની બલિહારી છે. )

પ્રશ્નઃ– ઘણીવાર રાગ–દ્વેષને પુદ્‌ગલ કે અજીવ કહેવામાં આવે છે–તે કઈ અપેક્ષાએ ?

( અરવિંદ જે. જૈન, મોરબી )

ઉત્તરઃ– રાગ–દ્વેષ શુદ્ધજીવસ્વભાવમાં નથી; એટલે જ્યારે શુદ્ધજીવસ્વભાવને દ્રષ્ટિમાં લઈને જોઈએ ત્યારે તેમાં રાગ–દ્વેષ નથી, એટલે રાગ–દ્વેષ જીવના નથી–માટે જીવથી વિરુદ્ધ એવા અજીવના છે–એમ કહેવામાં આવે છે. રાગ–દ્વેષ તો જો કે જીવની અશુદ્ધપર્યાયમાં છે, પણ તે અશુદ્ધતાય જીવનો સ્વભાવ નથી. આ રીતે રાગ–દ્વેષને અજીવ કહીને, રાગ–દ્વેષ વગરનો શુદ્ધજીવ કેવો છે તે ઓળખાવ્યો છે. તેથી ‘રાગ–દ્વેષ અજીવના છે’ એ સાંભળીને અજીવમાં રાગ–દ્વેષને શોધવાના નથી પરંતુ રાગ–દ્વેષ વગરનો

શુદ્ધજીવ કેવો છે તે લક્ષમાં લેવાનું છે. અને આ રીતે શુદ્ધજીવને જે લક્ષમાં લ્યે. તેને જ રાગ–દ્વેષને અજીવ કહેવાનું રહસ્ય સમજાય છે.

પ્રશ્નઃ– ચૈતન્યશક્તિ આત્મા, આ જડરૂપ શરીરમાં શું ભાગ ભજવે છે?

(બકુલ ખારા, રાયપુર No. 1317)

ઉત્તરઃ– શરીરમાં કાંઈ જ ભાગ ભજવતો નથી; આત્મા પોતે પોતામાં કાં તો જ્ઞાન અથવા તો મોહભાવ કરે છે.

પ્રશ્નઃ– આત્મા અને શરીર ભિન્ન હોવા છતાં નવા નવા શરીરોમાં આત્મા કેમ સ્થાનાંતર કર્યા કરે છે? ને જુના રૂપને કેમ ભૂલી જાય છે.? (No 1317)

ઉત્તરઃ– આત્મા અને શરીર જુદા હોવા છતાં, શરીર સાથે એકત્વબુદ્ધિને લીધે (એટલે કે શરીર હું છું એવી દેહબુદ્ધિને લીધે) જીવને નવા નવા શરીરનો સંયોગ થયા કરે છે જો તે ભેદજ્ઞાન કરીને નિર્મોહદશા પ્રગટ કરે તો તેને ફરીને શરીરનો સંબંધ થાય નહીં.

જુના રૂપને એટલે કે પૂર્વના ભવોને તે ભૂલી જાય છે તેનું કારણ એ છે કે અજ્ઞાનને લીધે તેની જ્ઞાનશક્તિ ઘણી જ અલ્પ થઈ ગઈ છે. જ્ઞાનશક્તિની ખીલવટ કરે તો જીવ બધું જાણી શકે છે.

પ્રશ્નઃ– જડ–શરીરના અંગોને ગતિમાન કરતી શક્તિ ક્યાંથી આવે છે? (No 1317)

ઉત્તરઃ– જડ–શરીરના પુદ્ગલોમાં જ ગમન કરવાની એક તાકાત છે, એટલે તેનું ગતિમાન થવું કે સ્થિર થવું–એ તેના સ્વભાવથી થાય છે, કોઈ બીજાવડે નહીં.

પ્રશ્નઃ– નિશ્ચિત સમય થતાં આત્મા આ શરીરમાંથી પ્રસ્થાન કેમ કરી જાય છે? (1317)

ઉત્તરઃ– શરીર એ આત્માની સ્વાભાવિક વસ્તુ નથી, એ તો સંયોગરૂપ છે, ને સંયોગ તેનો વિયોગ થાય જ. એટલે આત્મા અવિનાશીપણે પોતાના ભાવઅનુસાર બીજે ચાલ્યો જાય છે. સંયોગ સદા એક સરખા રહે નહીં. શરીરનો સંયોગ છે ત્યારે પણ આત્મા ચેતનરૂપે રહ્યો છે ને શરીર જડરૂપે રહ્યું છે,–બંને જુદાં જ રહ્યા છે.–એ જુદાંને જુદા સ્વરૂપે ઓળખવાં તેનું નામ ભેદજ્ઞાન છે.

પ્રશ્નઃ– આત્મામાં લીનતા કરવા જતાં વચ્ચે શરીરના વિચારો કેમ આવે છે?

ઉત્તરઃ– લીનતાના પ્રયત્ન પહેલાં આત્માનું વાસ્તવિકસ્વરૂપ લક્ષગત કરવું જોઈએ.

આત્માનું સ્વરૂપ બરાબર ઓળખ્યા પછી જ તેમાં પરિણામ લાગી શકે, ને ત્યારે જ બીજા વિચારો છૂટે. સ્વરૂપ સમજવા માટે વારંવાર તેના વિચાર–મંથનમાં રોકાતાં પણ બીજા વિચારો છૂટતા જાય છે. કદાચ શરીરના વિચાર આવે તોપણ તે શરીરથી હું જુદો છું–એવી શૈલીના વિચાર આવે છે.

પ્રશ્નઃ– ચિત્રોમાં સિદ્ધભગવાનની નીચે બીજ જેવો આકાર કેમ હોય છે? અને ભગવાન તેનાથી અદ્ધર કેમ હોય છે? ( સુધાબેન પી. જૈન No 1434 )

ઉત્તરઃ– સિદ્ધભગવાનની નીચે જે બીજ જેવો આકાર છે તેને ‘સિદ્ધશિલા’ કહેવાય છે. આ લોકમાં નીચે ૭ નરકભૂમિ, પછી આપણે રહીએ છીએ તે આ મધ્યલોક, પછી ઉપર દેવલોક, અને તે બધાય ઉપર સ્ફટિકમણિની સિદ્ધશિલા છે. એનાથી પણ થોડે ઊંચે સિદ્ધભગવંતોના નિવાસરૂપ સિદ્ધલોક છે. એના પછી લોકનો છેડો આવી જાય છે, ત્યારપછી ખાલી આકાશ સિવાય બીજું કાંઈ નથી. સિદ્ધભગવંતો સિદ્ધશિલાના આધારે નથી રહેતા પણ નિરાલંબીપણે અદ્ધર રહે છે–એમ સૂચવવા તેમને સિદ્ધશિલાથી જરાક ઊંચે બતાવવામાં આવે છે.

બેન, તમારા પ્રશ્નનો જવાબ ચારમાસથી ન મળ્યો તેથી જરા નિરાશ થયા હશો,–પણ હવે તો તમારો ઉત્તર વાંચીને ઉત્સાહમાં આવ્યા ને?

પ્રશ્નઃ– બધા તીર્થંકરોમાં મહાવીર ભગવાનનું નામ વિશેષ કેમ સંભળાય છે? ( No 1434 )

ઉત્તરઃ– કેમકે મહાવીર ભગવાન હજી હમણાં ( માત્ર અઢી હજાર વર્ષ પહેલાં ) થઈ ગયા, બીજા તીર્થંકરો તેમના પૂર્વે થઈ ગયા. અત્યારે મહાવીર ભગવાનનું શાસન ચાલી રહ્યું છે.–બાકી તો બધાય તીર્થંકર ભગવંતો એકસરખા જ પૂજ્ય છે.

પ્રશ્નઃ– અનેકાન્ત એટલે શું? ( પરેશકુમાર જૈન, નં. ૩૨૦ જામનગર )

ઉત્તરઃ– અનેક+અંત; અનેક એટલે ઘણા, ને અંત એટલે ધર્મ; એક જ વસ્તુમાં ઘણા ધર્મો એક સાથે રહેલા છે, તેથી વસ્તુને અનેકાન્તસ્વરૂપ કહેવાય છે. એ જૈનધર્મની જ ખાસ વિશેષતા છે કે અનેકાન્ત દ્વારા વસ્તુનું સાચું સ્વરૂપ દેખાડે છે.

ચાર–પાંચ માસના ભેગા થઈ ગયેલા બાલવિભાગના કાર્યમાં અનેક સભ્યોએ મદદ કરી છે, તે બદલ તેમને ધન્યવાદ!

# વિવિધ સમાચાર

પૂજ્ય ગુરુદેવ રાજકોટમાં ૨૦ દિવસ રહીને વૈશાખવદ નોમ (તા. ૧–૬–૬૭) ના રોજ સોનગઢ પધાર્યા છે, ને જિનવાણીની અમીવર્ષાથી સોનગઢનું વાતાવરણ પ્રફૂલ્લિત બન્યું છે. રાજકોટથી વિદાય અને સોનગઢમાં પ્રવેશ–એ બંને વખતના મંગલ–પ્રવચનમાં અનુભવરસનો મહિમા કરતાં ગુરુદેવે કહ્યું હતું કે–સ્વાનુભૂતિમાં શાંતરસનું વેદન થાય છે, તે શાંતરસને 'રસેન્દ્ર' એટલે કે સર્વે રસોમાં શ્રેષ્ઠ કહ્યો છે. સ્વાનુભવવડે આવો શાંતરસ પ્રગટ કરવો તે મંગળ છે. આમ મંગળમાં ગુરુદેવના શ્રીમુખે સ્વાનુભવરસનો મહિમા અને તેની પ્રેરણા સાંભળતાં મુમુક્ષુઓને પ્રસન્નતા થઈ હતી. ગુરુદેવ સોનગઢ પધાર્યા ત્યારે ઉમંગભર્યું સ્વાગત થયું હતું ને મંગલ ગીતો ગવાયા હતા. સુવર્ણધામના પ્રશાંત–અધ્યાત્મ વાતાવરણમાં ગુરુદેવને પણ સ્વાધ્યાય–ચિંતનની વિશેષ સ્ફૂરણાઓ જાગે છે.

જેઠ સુદ પાંચમના રોજ શ્રુતપંચમીનો પવિત્ર દિવસ ધનસેનસ્વામી વગેરે વીતરાગી મુનિવરોના સ્મરણપૂર્વક આનંદથી ઉજવાયો હતો. સવારમાં શ્રુતજ્ઞાનની યાત્રા તથા પૂજા વગેરે કાર્યક્રમો હતા. હવે અષાડ વદ એકમના રોજ દિવ્યધ્વનિનો દિવસ આવી રહ્યો છે–જે દિવસે રાજગૃહીમાં વિપુલાચલ ઉપર વીરપ્રભુના સમવસરણમાં દિવ્યવાણીના ધોધ વહેવા માંડયા ને ઇન્દ્રભૂતિસ્વામી તે ઝીલીને ગણધર બન્યા.

સાયલા (રાજસ્થાન) માં પૂ. ગુરુદેવના પ્રતાપે મુમુક્ષુ મંડળ ચાલે છે; અહીં દિ. જૈનમંદિર થાય એવી મુમુક્ષુઓની લાંબા વખતથી ભાવના હતી. ગત વૈશાખ સુદ ૧૦ ના શુભદિને અહીં દિ. જૈનમંદિરમાં ભગવાન જિનેન્દ્રદેવની વેદી–પ્રતિષ્ઠા સાનન્દસમ્પન્ન થઈ. આ પ્રસંગે મુમુક્ષુઓને ઘણો ઉલ્લાસ હતો ને સારી પ્રભાવના થઈ હતી.

## વૈરાગ્ય - સમાચાર

* રાજકોટના ભાઈશ્રી અમરચંદ ગીરધરલાલના માતુશ્રી દૂધીબાઈ એકસો એક વર્ષની વયોવૃદ્ધ ઉમરે ગત વૈશાખ વદ એકમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ભાઈશ્રી લાલચંદભાઈના તેઓ દાદીમા થાય.–તેમનો આત્મા દેવ–ગુરુ–ધર્મના શરણે શાંતિ પામે–એ જ ભાવના.

* સોનગઢ ગોગીદેવી આશ્રમમાં રહેતા મૂળી બહેન (ખરગપુરવાળા) ના માતુશ્રી ગત તા. ૨૨–૫–૬૭ ના રોજ ખરગપુર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. થોડા વખત પહેલાં તેઓ સોનગઢ આવીને રહેલા ને અહીંના વાતાવરણથી પ્રમોદિત થયા હતા. દેવ–ગુરુ–ધર્મના શરણે તેમનો આત્મા શાંતિ પામે–એ જ ભાવના.

* ફત્તેપુરના ભાઈશ્રી અમૃતલાલ માણેકચંદ મહેતા તા. ૭–૬–૬૭ના રોજ અમદાવાદ–ઈસ્પિતાલમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવતા. દેવ–ગુરુ–ધર્મના શરણે તેમનો આત્મા શાન્તિ પામો.

# શ્રી ગુરુ મોહનિંદમાંથી જગાડે છે-

जगवासी जीवन सों गुरु उपदेश कहे,
तुम्हें यहां सोवत अनंत काल बीते है।
जागो ह्वै सचेत समता समेत सुनो,
केवल-बचन जातै अक्ष-रस जीते हैं।।
आवो मेरे निकट बताऊं मैं तुम्हारो गुन,
परम सुरस-भरे करम सौं रीते हैं।
ऐसे बैन कहे गुरु तोउ त न धरे उर,
मित्त कैसे पुत किधौं चित्र के से चीते हैं।। १२।।

(સમયસારનાટક)

શ્રી ગુરુ જગવાસી જીવોને ઉપદેશ આપે છે કે હે જીવો! આ સંસારમાં મોહનિંદ્રામાં સૂતા સૂતા તમારો અનંત કાળ ચાલ્યો ગયો.....હવે તો જાગો! અને સાવધાન થઈ ચેતનાવંત થઈ... ચેતનાને જાગૃત કરીને શાંત–ચિત્તવડે સમતાપૂર્વક કેવળી ભગવાનની વાણી સાંભળો.....કે જેના શ્રવણથી ઇન્દ્રિયવિષયોને જીતી શકાય છે.

શ્રી ગુરુ વારંવાર પ્રેમથી કહે છે કે–હે જીવો! આવો. મારી નજીક આવો..... હું તમને તમારો આત્મગુણ દેખાડું.....કે જે કર્મકલંકથી રહિત છે ને પરમ આનંદરસથી ભરપૂર છે.

શ્રી ગુરુ આવાં વચન કહે છે તોપણ સંસારી મોહી જીવ ધ્યાન દેતો નથી.–તે કેવો છે? જાણે માટીનું પૂતળું હોય અથવા ચિતરેલો મનુષ્ય હોય!–અચેત જેવો થઈને સૂતો છે! જો ચેતના સહિત હોય તો શ્રી ગુરુનાં આવાં હિતવચન સાંભળીને કેમ ન જાગે?

– 卐 –

(પ્રતઃ ૨૩૦૦) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને

મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર)